dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 256 | AD - 2026, Jeth Sud -08 | Monday, Dt. 22-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## કોલકાતાના રેડ રોડ પરથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ, દેશ-વિદેશમાં ભવ્ય કાર્યક્રમો યોજાયા

# યોગ વિશ્વનો સૌથી મોટો સામૂહિક ઉત્સવ બન્યો : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

કોલકાતા, તા.૨૧

૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કોલકાતાના ઐતિહાસિક રેડ રોડ પર યોગ કરીને દેશવ્યાપી ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું. હજારો લોકો તેમની સાથે જોડાયા હતા અને કોમન યોગ પ્રોટોકોલ સત્રમાં ભાગ લીધો હતો.

આ વર્ષની યોગ દિવસની થીમ 'સ્વસ્થ વૃધ્ધત્વ માટે યોગ' રાખવામાં આવી હતી, જે શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સુખાકારી, ભાવનાત્મક સ્થિરતા અને સક્રિય વૃધ્ધત્વમાં યોગના મહત્વ પર ભાર મૂકે છે. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, "૨૧ જૂન, જે પૃથ્વીનો સૌથી લાંબો દિવસ ગણાય છે, તે હવે યોગના કારણે વિશ્વનો સૌથી મોટો સામૂહિક ઉત્સવ બની ગયો છે. યોગ વિવિધ દેશો, ભાષાઓ અને સંસ્કૃતિઓના લોકોને એક સૂત્રમાં બાંધે છે." તેમણે વિશ્વભરના યોગપ્રેમીઓને અભિનંદન પાઠવતાં યોગને દૈનિક જીવનનો હિસ્સો બનાવવાનો સંદેશ આપ્યો હતો. મોદીએ વધુમાં જણાવ્યું કે યોગ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ માનવ ચેતના અને આંતરિક શકિતની અભિવ્યક્તિ છે.



તેમણે સ્વસ્થ વૃધ્ધત્વ પર ભાર મૂકતાં કહ્યું કે ઉંમર વધે તેમ માનવીની ક્ષમતા ઘટવી જોઈએ નહીં. "અમારું લક્ષ્ય એ હોવું જોઈએ કે ૪૦ વર્ષની ઉંમરે ૨૦ વર્ષની સરખામણીએ વધુ લવચીક અને ૫૦ વર્ષની ઉંમરે ૩૦ વર્ષની સરખામણીએ વધુ ઊર્જાવાન બનીએ," એમ તેમણે ઉમેર્યું હતું.


આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શરૂઆત વર્ષ ૨૦૧૫માં થઈ હતી, જ્યારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ભારતના પ્રસ્તાવને સ્વીકારી ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો હતો. ત્યારથી વડાપ્રધાન મોદીએ નવી દિલ્હી, ચંડીગઢ, લખનૌ, મૈસુર, ન્યૂયોર્ક, શ્રીનગર અને વિશાખાપટ્ટનમ સહિત અનેક સ્થળોએ ઉજવણીનું નેતૃત્વ કર્યું છે. વિશ્વભરના લગભગ ૨,૫૦૦ સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૨૧૦થી વધુ ભારતીય મિશન અને દૂતાવાસોએ ભાગ લીધો હતો. આ ઉજવણીએ યોગને વૈશ્વિક સ્વાસ્થ્ય અને સુખાકારીની ચળવળ તરીકે વધુ મજબૂત બનાવ્યો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મધ્યપ્રદેશના જબલપુર ખાતે યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાં યોગ કર્યો હતો. તેમની સાથે રાજ્યપાલ મંગુભાઈ પટેલ, મુખ્યમંત્રી મોહન યાદવ તથા મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. દેશના વિવિધ રાજ્યોમાં પણ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઝાંસીમાં, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શિલોંગમાં, જ્યારે યોગ ગુરુ બાબા રામદેવે આંધ્રપ્રદેશના વિજયવાડામાં યોગ સત્રનું નેતૃત્વ કર્યું હતું. લેહમાં ૧૪ હજાર ફૂટની ઊંચાઈએ આઈટીબીપીના જવાનોએ યોગ કરીને અનોખો સંદેશ આપ્યો હતો. સમગ્ર વિશ્વમાં યોજાયેલી આ ઉજવણી યોગની વધતી લોકપ્રિયતા અને તેની વૈશ્વિક સ્વીકૃતિનું પ્રતિબિંબ બની રહી હતી.

# હોર્મુઝ સ્ટ્રેટમાંથી ૮.૬ લાખ મેટ્રિક ટન તેલ સાથે ત્રણ ભારતીય ટેન્કરો સુરક્ષિત પરત

નવી દિલ્હી, તા. ૨૧

ભારતની દરિયાઈ અને ઊર્જા સુરક્ષા માટે મહત્વપૂર્ણ ગણાતા ત્રણ ભારતીય ધ્વજવાળા ક્રૂડ ઓઈલ ટેન્કરો હોર્મુઝ સ્ટ્રેટમાંથી સફળતાપૂર્વક પસાર થઈ ભારત તરફ આગળ વધી રહ્યા છે. આ ટેન્કરોમાં કુલ ૮.૬ લાખ મેટ્રિક ટનથી વધુ ક્રૂડ ઓઈલ ભરાયેલું છે, જેનાથી દેશના ઊર્જા પુરવઠાને મજબૂતી મળશે. કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલે જણાવ્યું કે 'દેશ વૈભવ', 'દેશ વિભોર' અને 'સનમાર હેરાલ્ડ' નામના ત્રણેય



જહાજો ૯૪ ભારતીય ક્રૂ સભ્યો સાથે સુરક્ષિત રીતે હોર્મુઝ સ્ટ્રેટ પાર કરી ચૂક્યા છે. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકાર દેશના દરિયાઈ હિતો અને ઊર્જા પુરવઠાની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ, 'દેશ વૈભવ' અને 'દેશ વિભોર' ૨૪ જૂને અનુક્રમે વાડીનાર અને સિક્કા બંદરે પહોંચશે. જ્યારે 'સનમાર હેરાલ્ડ' ૧ જુલાઈએ પારાદીપ બંદરે પહોંચવાની શક્યતા છે. તાજેતરમાં હોર્મુઝ સ્ટ્રેટ વિસ્તારમાં તણાવ ઘટતા દરિયાઈ પરિવહનને ફરી ગતિ મળી છે. અમેરિકાએ ૧૮ જૂને અહીં લાગુ કરાયેલા ટ્રાફિક પ્રતિબંધો હટાવ્યા બાદ તેલ ટેન્કરો માટે માર્ગ ફરી ખુલ્લો બન્યો છે. પરિણામે વૈશ્વિક ઊર્જા પુરવઠા શૃંખલાને રાહત મળી છે. ભારત માટે આ સફળ કામગીરી અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે દેશ પોતાની ઊર્જાની જરૂરિયાતો માટે મોટા પ્રમાણમાં આયાતી ક્રૂડ ઓઈલ પર નિર્ભર છે. નિષ્ણાતોના મતે, ટેન્કરોનો સુરક્ષિત માર્ગ ભારતની ઊર્જા સુરક્ષા અને દરિયાઈ વ્યવસ્થાપનની દૃષ્ટિએ મહત્વપૂર્ણ સિધ્ધિ છે.

# વડાપ્રધાને ભારતીય નૌકાદળને ત્રણ નવા સ્વદેશી યુધ્ધ જહાજો સમર્પિત કર્યા

કોલકાતા, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કોલકાતામાં ભારતીય નૌકાદળને ત્રણ નવા સ્વદેશી યુધ્ધ જહાજો સમર્પિત કર્યા હતા. તેમાં સ્ટીલ્થ ફ્રિગેટ આઈએનએસ દુનાગિરી, સર્વે જહાજ આઈએનએસ સંશોધક અને સબમરીન વિરોધી યુધ્ધ કોર્વેટ આઈએનએસ અગ્રયાનો સમાવેશ થાય છે. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે મજબૂત દરિયાઈ શક્તિ વિના કોઈ પણ દેશ વૈશ્વિક સ્તરે મોટી શક્તિ બની શકતો નથી. વડાપ્રધાને જણાવ્યું કે વિકાસ, સુરક્ષા અને



સમૃધ્ધિ સમુદ્ર સાથે સીધા જોડાયેલા છે. દરિયાઈ ક્ષમતાઓ જેટલી મજબૂત હશે, દેશનો આર્થિક અને વ્યૂહાત્મક પ્રભાવ પણ એટલો જ વધશે. ભારત હવે માત્ર સંરક્ષણ સાધનોનો ખરીદદાર નહીં, પરંતુ ઉત્પાદક અને નિર્ણયકર્તા દેશ બનવા તરફ આગળ વધી રહ્યું છે.

મોદીએ જણાવ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ૪૦થી વધુ 'મેડ ઈન ઈન્ડિયા' યુધ્ધ જહાજો અને સબમરીનો નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યા છે. હાલમાં ૪૫થી વધુ મુખ્ય નૌકાદળ પ્લેટફોર્મનું નિર્માણ ચાલી રહ્યું છે, જે ભારતની ઔદ્યોગિક ક્ષમતા અને આત્મનિર્ભરતાનું પ્રતીક છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જહાજ નિર્માણ ઉદ્યોગ માત્ર સુરક્ષા જ નહીં, પરંતુ રોજગારીનું પણ મોટું કેન્દ્ર છે. એક આધુનિક યુધ્ધ જહાજના નિર્માણમાં સ્ટીલ, ઈલેક્ટ્રોનિક્સ, મશીનરી અને હજારો ઘટકોની જરૂર પડે છે, જેના કારણે અનેક ઉદ્યોગો અને હજારો યુવાનોને રોજગાર મળે છે.

પીએમ મોદીએ કહ્યું કે આઈએનએસ વિક્રાંતથી શરૂ થયેલી આત્મનિર્ભરતાની યાત્રાને આ ત્રણ નવા જહાજો વધુ મજબૂતી આપશે. તેમણે નોંધ્યું કે ૨૧ જૂન વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ તરીકે પણ ઉજવાય છે અને આ જ દિવસે ભારતના અદ્યતન સર્વે જહાજ આઈએનએસ સંશોધકને કાર્યરત કરવું ગૌરવની બાબત છે.

## તપાસ અને એફઆઈઆરની માંગ સાથે કેન્દ્ર તથા યુપી સરકારને ઘેરવાનો પ્રયાસ

# અયોધ્યા રામ મંદિર દાન વિવાદમાં કેજરીવાલે ૨૦૦ કરોડ રૂપિયાની ગેરરીતિના આરોપ લગાવ્યા

નવી દિલ્હી, તા.૨૧

અયોધ્યાના રામ મંદિરને મળતા દાનમાં કથિત અનિયમિતતાઓના મુદ્દે રાજકીય ગરમાવો વધ્યો છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકાર અને ઉત્તર પ્રદેશ સરકાર પર ગંભીર આરોપો લગાવતા નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. જારી કરાયેલા એક વીડિયો સંદેશમાં કેજરીવાલે દાવો કર્યો કે રામ મંદિરના દાનમાંથી આશરે ૨૦૦ કરોડ રૂપિયા રોકડની ગેરરીતિ અથવા ચોરી થઈ હોવાના અહેવાલો સામે આવ્યા છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે આટલા ગંભીર આરોપો



હોવા છતાં અત્યાર સુધી કોઈ એફઆઈઆર નોંધાઈ નથી અને ન તો પોલીસ, ઈડી કે સીબીઆઈ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી છે. કેજરીવાલે આરોપ લગાવ્યો કે કેન્દ્ર અને રાજ્યમાં ભાજપની સરકાર હોવા છતાં મામલાની યોગ્ય તપાસ કરવામાં આવી રહી નથી. તેમણે કહ્યું કે કેટલાક અહેવાલો મુજબ આ કેસમાં મોટા અને પ્રભાવશાળી નામો સંડોવાયેલા હોવાની ચર્ચા છે. નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો મહત્વપૂર્ણ તથ્યો બહાર આવી શકે છે. આ નિવેદન બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે, જ્યારે આ મામલે સત્તાવાર સ્તરે કોઈ સ્પષ્ટ પ્રતિસાદ સામે આવ્યો નથી.




# સબરીમાલા મંદિરમાં હવે ભીડ અને સુરક્ષા વ્યવસ્થાપન AI સંભાળશે

તિરુવનંતપુરમ, તા.૨૧

વિશ્વપ્રસિધ્ધ સબરીમાલા ભગવાન અયપ્પા મંદિરમાં યાત્રાળુઓની સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત આધુનિક તીર્થયાત્રી વ્યવસ્થાપન પ્રણાલી અમલમાં મૂકવાની તૈયારી શરૂ થઈ છે. ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ દ્વારા હાથ ધરાયેલો આ પ્રોજેક્ટ કેરળ હાઈકોર્ટની મંજૂરી મેળવી ચૂક્યો છે. આ નવી પ્રણાલીમાં હાઈ-રિઝોલ્યુશન કેમેરા, ઈન્ફ્રારેડ સેન્સર, ડ્રોન અને GPS મેપિંગ જેવી અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ થશે. AI સિસ્ટમ ભીડ વધવાની આગાહી કરી અધિકારીઓને સમયસર ચેતવણી આપશે તેમજ ટ્રાફિક જામ, ભારે વરસાદ અથવા અન્ય કટોકટીની સ્થિતિમાં માર્ગદર્શન પણ આપશે.

ચહેરાની ઓળખ ટેક્નોલોજી દ્વારા ગુમ થયેલા બાળકો, વૃધ્ધો અને શંકાસ્પદ વ્યક્તિઓને ઝડપથી શોધવામાં મદદ મળશે. ભક્તોને મોબાઈલ દ્વારા ભીડ, માર્ગ અને દર્શન માટેના અંદાજિત સમય અંગે લાઈવ માહિતી પણ ઉપલબ્ધ કરાશે. 'વિઝન સબરીમાલા' હેઠળ સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન પર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. મંદિર પરિસરને પ્લાસ્ટિકમુક્ત અને પર્યાવરણમૈત્રી બનાવવા માટે વિશેષ અભિયાન હાથ ધરાશે. આ પ્રોજેક્ટ આગામી યાત્રા સીઝનથી કાર્યરત થવાની સંભાવના છે.


# દાલ તળાવ કિનારે યોગનો ઉત્સાહ: હિજાબ અને બુરખામાં યુવતીઓએ પણ લીધો ભાગ

જમ્મુ, તા.૨૧

૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે જમ્મુ-કાશ્મીરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શ્રીનગરના દાલ તળાવ કિનારે આવેલા શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાના નેતૃત્વમાં વિશાળ યોગ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં સરકારી અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નાગરિકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની




ખાસ વાત એ રહી કે હિજાબ અને બુરખા પહેરેલી મુસ્લિમ યુવતીઓએ પણ ઉત્સાહપૂર્વક યોગ કર્યો હતો. યુવતીઓએ જણાવ્યું કે યોગ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત લાભદાયક છે અને તેઓ નિયમિત રીતે તેનો અભ્યાસ કરે છે. શ્રીનગર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પણ અધિકારીઓ અને કર્મચારીઓએ યોગ સત્રમાં ભાગ લીધો હતો. બીજી તરફ, જમ્મુમાં પાણીની અંદર યોજાયેલ અનોખું યોગ સત્ર સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. યુવાનોએ સ્વિમિંગ કૌશલ્ય સાથે યોગાસનોનું પ્રદર્શન કરીને ફિટનેસ અને માનસિક સંતુલનનો સંદેશ આપ્યો હતો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી દરમિયાન સમગ્ર જમ્મુ-કાશ્મીરમાં યોગ પ્રત્યે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૨-૦૬-૨૦૨૬

# સાવરકુંડલામાં વાતાવરણમાં પલટો: ભારે પવન સાથે મેઘરાજાની તોફાની એન્ટ્રી




સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સમી સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. દિવસભરના અસહ્ય ઉકળાટ અને ગરમી બાદ ભારે પવનના સુસવાટા સાથે તોફાની વરસાદનું આગમન થયું હતું. પવન સાથે શરૂ થયેલા જોરદાર વરસાદી ઝાપટાંને કારણે શહેરના મુખ્ય માર્ગો પાણી-પાણી થઈ ગયા હતા અને સમગ્ર પંથકના વાતાવરણમાં અચાનક ઠંડક પ્રસરી ગઈ હતી.

છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ગરમી અને બફારાથી તોબા પોકારી ગયેલા સ્થાનિક લોકોને આ વરસાદથી મોટી રાહત મળી છે અને લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત, ચોમાસાના આગમન જેવા આ વરસાદથી ખેતીકામ માટે અનુકૂળ માહોલ સર્જાતા જગતના તાત એવા ખેડૂતોમાં પણ આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

# અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં ૬ વર્ષથી માનસિક રોગથી પીડાતી યુવતીની સફળ અને નિ:શુલ્ક સારવાર



અમરેલી, તા.૨૧

અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે ભાવનગરની ૨૩ વર્ષીય યુવતીની ગંભીર માનસિક બીમારી 'સ્કિઝોફ્રેનિયા'ની સફળ અને નિ:શુલ્ક સારવાર કરવામાં આવી છે. આ દર્દી છેલ્લા ૬ વર્ષથી ઊંઘ ન આવવી, ભણકારા સંભળાવા, શંકા-વહેમ અને અસામાન્ય વર્તન જેવી તકલીફોથી પીડાતી હતી. અન્ય જગ્યાએ મોંઘી સારવાર છતાં સુધારો ન થતાં પરિવાર આ હોસ્પિટલમાં આવ્યો હતો. તપાસ બાદ દર્દીને માનસિક રોગ વિભાગમાં દાખલ કરી ડૉ. ભાવિન કદાવાલા અને ડૉ. મિહિર જાનીની દેખરેખ હેઠળ ૧૬ દિવસ સારવાર આપવામાં આવી હતી, જેમાં ૫ ECT (ઈલેક્ટ્રો કન્વલ્સિવ થેરાપી) અને ICUની સઘન સારવાર સામેલ હતી. દર્દીની તબિયતમાં નોંધપાત્ર સુધારો થતાં તેને રજા અપાઈ છે. શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ હોસ્પિટલમાં નિ:શુલ્ક સારવાર ઉપલબ્ધ હોવાથી પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

# અમરેલી પીપલ્સ કો-ઓપરેટીવ સોસાયટી દ્વારા વિશ્વ યોગ દિને વિનામૂલ્યે રોપાઓનું વિતરણ કરાશે

અમરેલી,તા.૨૧

ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી. દ્વારા ૧૨માં વિશ્વ યોગદિન અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકારના ૧૨ વર્ષના સુશાસન પર્વ નિમિત્તે 'એક પેડ દેશ કે નામ' અંતર્ગત વિનામૂલ્યે રોપા વિતરણનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા ખાસ ઉપસ્થિત રહેશે. સોસાયટીના સભાસદો અને સરકારી આયુર્વેદિક હોસ્પિટલની યોગ શિબીરના શિબિરાર્થીઓને તન-મનની સ્વસ્થતા સાથે પ્રકૃતિની જાળવણી કાજે વિનામૂલ્યે રોપાઓ અપાશે. પ્રકૃતિ સંવર્ધનનો સંદેશ આપતા આ કાર્યક્રમનો લાભ લેવા સભાસદોને રવિ વારે સવારે ૮:૩૦ થી ૧૦:૦૦ કલાક દરમિયાન સરકારી આયુર્વેદિક હોસ્પિટલ, હઠીલા હનુમાનજી રોડ, અમરેલી ખાતે પોતાની પસંદગીના રોપા મેળવી લેવા સોસાયટી દ્વારા વિનંતી કરાઈ છે.

# સાવરકુંડલામાં ધર્મનાથ જિનાલયે આનંદ, શ્રધ્ધા અને સમર્પણનો મહોત્સવ ઉજવાયો



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલામાં ધર્મનાથ ભગવાનનાં જિનાલયે ૧૭૫મી સાલગીરી નિમિત્તે જૈન સંઘમાં શ્રધ્ધા-ભકિતના સથવારે પ્રભુ સમર્પણનો મહોત્સવ રચાયો હતો. ૧૯ જુનના રોજ જિનાલય શુધ્ધિ- આત્મશુધ્ધિ માટે ૧૮ અભિષેક થયા હતા. પાલીતાણાના જયદીપભાઈએ શુધ્ધિવિધિ કરાવી હતી. ધર્મનાથ દાદાની ધજાનો લાભ લેનાર પ્રતિભાબેન ભોગીલાલ મગનલાલ ગાંધી પરિવાર અને શાંતિનાથ દાદાની ધજાનો લાભ લેનાર વિમળાબેન હિંમતલાલ દોશી (વિમલ યાત્રા પરિવાર) લાભાર્થી પરિવારો સાથે સંઘ પ્રમુખ ધર્મેન્દ્રભાઈ મહેતા સકલ સંઘની ઉપસ્થિતિ નોંધનીય રહી હતી. જૈનાચાર્ય વિજયરામચંદ્ર સુરિશ્વરજી મ.ના શિષ્ય આચાર્ય વિજય જિનદર્શનસુરિજી, આચાર્ય વિજય યોગરતિસુરિજીની નિશ્રા મળી હતી. મંત્રોચ્ચાર સાથે દાદાનાં શિખરે ધ્વજારોહણ વિધિથી સમસ્ત જૈન સંઘમાં આનંદ વરતાયો હતો. આચાર્યશ્રીએ શાંતિપાઠ દ્વારા વિશ્વની-સહુની શાંતિની પ્રાર્થના કરી હતી. ધર્મસભામાં આચાર્યશ્રીએ કહ્યું કે જીવનમાં જેટલા સદ્વિચારો અને સદ્વર્તન આવશે તેટલી ધર્મની ધજા ફરકતી રહેશે.

# લીલીયા આઈટીઆઈ ખાતે ભરતી મેળો યોજાયો, યુવાનોને રોજગારીની તક

લીલીયા,તા.૨૧

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) લીલીયા ખાતે તા. ૧૭ જૂનરોજ ભરતીમેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ભરતીમેળામાં વિવિધ અગ્રણી ઉદ્યોગો અને કંપનીઓએ ભાગ લઈને યુવાનોને રોજગારની ઉત્તમ તકો ઉપલબ્ધ કરાવી હતી. Quess Crop Limited (ટાટા મોટર્સ) સાણંદ, MRF અને Tata Autoline જેવી પ્રતિષ્ઠિત કંપનીઓએ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં ભાગ લીધો હતો. મેળામાં કુલ ૭૦ ઉમેદવારો હાજર રહ્યા હતા, જેમાંથી ૫૦ જેટલા ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. લીલીયા આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરી રહેલા તથા જુલાઈ-૨૦૨૬માં પાસ થનારા ૩૫ તાલીમાર્થીઓને રૂ. ૧૪,૦૦૦થી રૂ. ૨૨,૦૦૦ સુધીના માસિક વેતન સાથે રોજગારની તક પ્રાપ્ત થઈ છે.

# અમરેલીની કેકે પારેખ કોમર્સ કોલેજ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી



અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ૨૧ જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' નિમિત્તે યોગ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વરિષ્ઠ પ્રાધ્યાપક પ્રા. જે. એમ. તળાવીયાએ જીવનમાં નિયમિત યોગ અને પ્રાણાયામનું મહત્વ તથા તેનાથી થતા સ્વાસ્થ્ય લાભો વિશે વિસ્તૃત સમજૂતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. ઓફિસર ડો. એ. બી. ગોરવાડીયા, એન.સી.સી. ઓફિસર પ્રા. ડબલ્યુ. જી. વસાવા અને યોગ કો-ઓર્ડિનેટર ડો. એ. કે. વાળાએ કર્યું હતું. આ આયોજનને સફળ બનાવવા સ્પોર્ટ્સ ઓફિસર ડો. એમ. એમ. પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, હોદ્દેદારો અને ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલી જિલ્લામાં ૩ સ્થળેથી ૨૨ જુગારી ઝડપાયા, ૧ ફરાર

**કુલ રૂ. ૧,૮૭,૫૮૦નો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લામાં ત્રણ અલગ-અલગ સ્થળેથી ૨૨ જુગારીઓ તીનપત્તીનો જુગાર રમતાં ઝડપાયા હતા, જ્યારે એક જુગારી ફરાર થઈ ગયો હતો. પોલીસે કુલ મળીને રૂ. ૧,૮૭,૫૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ખાંભાના દાઢીયાળી ગામની સીમમાંથી ભીખુભાઈ અલીભાઈ ચૌહાણ, ભુપતભાઈ નાથાભાઈ મકવાણા, હિમતભાઈ ભીખુભાઈ વેગડ, ભીખુભાઈ દાઉદભાઈ સોલંકી, પ્રફુલભાઈ મનજીભાઈ સોલંકી, અર્જુનસિંહ જશવંતસિંહ રાઠોડ તથા બચુભાઈ બાઘાભાઈ વાળા તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ. ૭૦,૮૦૦ સાથે ઝડપાયા હતા, જ્યારે શબ્બીરભાઈ અબાભાઈ સમા ફરાર થઈ ગયો હતો.

બાબરાના કીડી ગામેથી ગીરીશભાઈ વિભાભાઈ ઝાપડીયા, ઘનશ્યામભાઈ હિંમતભાઈ ગોલાણી, નિલેશભાઈ સુરેશભાઈ ઝાપડીયા, સાગરભાઈ ધીરૂભાઈ ઝાપડીયા તથા રાહુલભાઈ જયંતીભાઈ સરવાળીયા ગંજીપફાના પાનાથી તીનપત્તીનો પૈસાનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ. ૧૦,૨૮૦ સાથે પકડાયા હતા.

અમરેલીના કેરિયાનાગસ ગામેથી અનિલભાઈ ભીખાભાઈ ચોરીયા, પંકજભાઈ ધીરૂભાઈ રોકડ, અમિતભાઈ શરદભાઈ નિબાર્ક, પ્રકાશભાઈ મગનભાઈ બાવળીયા, સંજયભાઈ છનાભાઈ બારૈયા, નિતિનભાઈ ભાવેશભાઈ વામજા, મનસુખભાઈ ભીમજીભાઈ ગાંગડીયા, શાંતિભાઈ મગનભાઈ ગાંગડીયા, મધુભાઈ ડુંગરભાઈ ગાંગડીયા તથા કાળુભાઈ કરણભાઈ સરવૈયા તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા રેઈડ દરમિયાન કુલ રોકડા રૂ. ૧,૦૬,૫૦૦ સાથે પકડાયા હતા.

# આંબરડીની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે યોગ દિવસની ઉજવણી



અમરેલી, તા.૨૧

આંબરડીની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે આજે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના મેનેજિંગ ટ્રસ્ટી દીપકભાઈ માલાણી, જિલ્લા પંચાયતના સદસ્ય શરદભાઈ ગૌદાણી, ગામના અગ્રણી નાગરિકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય એમ. ડી. માલવિયા એ યોગને સ્વસ્થ જીવનશૈલીનો આધારસ્તંભ અને નિયમિત યોગાભ્યાસ દ્વારા વ્યક્તિના સર્વાંગી વિકાસ અને રાષ્ટ્રના સશક્ત નિર્માણમાં તેના અમૂલ્ય યોગદાન અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાયન્સ ટીચર અક્ષયભાઈ પંડ્યા અને ભૂતપૂર્વ વિદ્યાર્થી રાહુલભાઈ ઝાપડાએ કર્યું હતું.







## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૪૯/૨૦૨૬

અરજદાર : શ્રી કુંવરબેન રામભાઈ ડોડીયા
સરનામુ : રે.ચીત્રાસર તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારી
- વ -
તલાટી કમ મંત્રીશ્રી - ચીત્રાસર, તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ચીત્રાસર** ગામના **શ્રી કુંવરબેન રામભાઈ ડોડીયા** એ તેમના **પુત્ર નામે શ્રી દેવાભાઈ રામભાઈ ડોડીયા નો** તા.૧૩/૦૨/૧૯૭૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી કે.બી. બાંભણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૨ માહે. જુન સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૨/૦૬/૨૦૨૬**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૫૦/૨૦૨૬

અરજદાર : શ્રી ભાણાભાઈ ભીખાભાઈ ચવાણ
સરનામુ : રે.મીઠાપુર તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારી
- વ -
તલાટી કમ મંત્રીશ્રી - મીઠાપુર તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મીઠાપુર** ગામના **શ્રી ભાણાભાઈ ભીખાભાઈ ચવાણ** એ તેમના **પુત્રી નામે શ્રી ભાવનાબેન ભાણાભાઈ ચવાણ નો** તા.૦૧/૦૬/૧૯૯૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી કે.બી. બાંભણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૨ માહે. જુન સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૨/૦૬/૨૦૨૬**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

**-: જાહેર નોટીસ :-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૪૨/૨૦૨૬

**અરજદારશ્રી:-** શ્રી ફુલીબેન લાલજીભાઈ આગોલા,
રે. નાની કુંકાવાવ, તા.વડીયા, જી.અમરેલી
**એડ.શ્રી ડી.એન.આગોલા, મો.૯૪૨૮૭ ૦૭૬૯૨**
**વિરૂધ્ધ**
**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી નાની કુંકાવાવ, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ફુલીબેન લાલજીભાઈ આગોલાએ તેમની પુત્રી દુર્ગાબેનનો જન્મ તા૧૫/૦૫/૧૯૭૬ ના રોજ મુ.નાની કુંકાવાવ, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**



# બગસરામાં પોલીસ સ્ટેશનની દીવાલે જ દારૂડિયો નશામાં ધુત થઈ સૂઈ ગયો

બગસરા, તા.૨૧

શહેરમાં અસામાજિક તત્વો અને દારૂડિયાઓનો ત્રાસ અસહ્ય સપાટીએ પહોંચ્યો છે. સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતાના કારણે નશાખોરો બેફામ બન્યા છે, જેનો જીવતો જાગતો પુરાવો તાજેતરમાં બગસરા પોલીસ સ્ટેશનની દીવાલ પાસે જ જોવા મળ્યો હતો. કાયદાનો જરાય ડર રાખ્યા વિના એક દારૂડિયો ભારે નશો કરીને ખુદ પોલીસ મથકની દીવાલનો સહારો લઈને ત્યાં જ સૂઈ ગયો હતો. આ આખી ઘટના સ્થાનિક લોકોમાં ભારે ચર્ચાનો વિષય બની છે. આમ આદમી પાર્ટીના અગ્રણી રમેશભાઈ સતાસિયાએ લોકોને સ્થિતિ બતાવતા પ્રહાર કર્યો હતો કે, આ ઘટના સમયે પોલીસની '૧૧૨ સેવા'ની જીપ ત્યાંથી માત્ર પાંચ ડગલાં દૂર જ ઊભી હતી. વાહન આટલું નજીક હોવા છતાં દારૂડિયો બેફામ સૂતો રહ્યો, જે દર્શાવે છે કે નશાખોરોમાં પોલીસનો કોઈ ડર રહ્યો નથી. સ્થાનિક રજૂઆતો બાદ ઉચ્ચ અધિકારીઓ આ મામલે કડક પગલાં ભરે તેવી લોકમાંગ પ્રબળ બની છે.



# રાજુલા-જાફરાબાદ પંથકમાં પવનચક્કી, સોલાર પ્રોજેક્ટો અને વીજલાઈનના કામોમાં અનિયમિતતાની તપાસની માંગ

રાજુલા, તા.૨૧

અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ટીકુભાઈ વરુએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરીને રાજુલા–જાફરાબાદ વિસ્તાર ખાતે ચાલી રહેલા પવનચક્કી, સોલાર પ્રોજેક્ટો અને વીજ સપ્લાય લાઈનોના કામોમાં ગેરરીતિ થતી હોવાની ફરિયાદો અંગે ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે. તેમણે રજુઆતમાં જણાવાયું છે કે, ખેડૂતોની સંમતિ વિના તેમની જમીનમાં વીજ સપ્લાયના પોલ ઉભા કરવામાં આવી રહ્યા છે. ખેડૂતોને યોગ્ય અને બજારભાવ મુજબનું વળતર મળતું નથી તેમજ જમીન માલિકોને પૂરતી માહિતી આપ્યા વિના કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ગૌચર જમીન, સરકારી ખરાબા, ચેકડેમ, બંધારા અને રક્ષિત જંગલ વિસ્તારોમાં વીજ પોલો તથા સંબંધિત માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવી હોવાની ફરિયાદોની પણ નિષ્પક્ષ તપાસ કરાવવા માંગ કરવામાં આવી છે. નેશનલ હાઈવે નં. ૫૧ અને સ્ટેટ હાઈવે નં. ૧૦૭ નજીક આવેલા કેટલાક વિસ્તારોમાં નિયમોનું પાલન થયું છે કે નહીં તેની પણ તપાસ જરૂરી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. પવનચક્કી અને સોલાર પ્રોજેક્ટોના કામ દરમિયાન ભારે વાહનો અને મશીનરીની અવરજવરને કારણે અનેક ખેડૂતોના ખેતરોમાં જવાના રસ્તાઓને નુકસાન થયું છે. ચોમાસાની ઋતુ શરૂ થવાના કારણે ખેડૂતોને ખેતી સંબંધિત કામગીરીમાં મુશ્કેલીઓ પડી રહી છે. નુકસાન પામેલા રસ્તાઓનું તાત્કાલિક સમારકામ અને પુનઃનિર્માણ કરાવવા માંગ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયથી ભાકોદર, કોવાયા, ખાલસા, કંથારિયા, હેમાળ સહિતના વિસ્તારોમાં માનવ–સિંહ વચ્ચેના ઘર્ષણની ઘટનાઓ સામે આવી હોવાનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

# સાવરકુંડલાની ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી

સાવરકુંડલા,તા.૨૧



સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ ખાતે આજે સવારે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ અવસરે પતંજલિ યોગ અને આયુર્વેદ ઉપચાર કેન્દ્રના નિષ્ણાત હિનાબેન કાણકીયા મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના કાર્યકારી આચાર્ય ડી.એલ. ચાવડાએ મહેમાનોનું શબ્દોથી સ્વાગત અને અભિવાદન કર્યું હતું. ડૉ. રૂકસાનાબેન કુરેશીએ હિનાબેન કાણકીયાનું ખાદીની માળા પહેરાવીને સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. પ્રતિમા એમ. શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું.

# શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગાયત્રી યજ્ઞ સાથે નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરાયો

અમરેલી,તા.૨૧

શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ભારતીય સનાતન સંસ્કૃતિની પરંપરા અનુસાર ગાયત્રી યજ્ઞ દ્વારા નવા શૈક્ષણિક સત્રનો શુભારંભ કરાયો છે. આ પ્રસંગે ચાલુ માસમાં આવતા વિદ્યાર્થીઓના જન્મદિવસની ઉજવણી પણ યજ્ઞના માધ્યમથી કરવામાં આવી હતી, જેથી બાળકોને વિદ્યાદેવીના આશીર્વાદ પ્રાપ્ત થાય. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાએ ખાસ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જીવનમાં ઉચ્ચ ગુણવત્તા હાંસલ કરવા અને સંસ્કારોના સિંચન માટે શાળાની ભૂમિકા અંગે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.



# સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે 'શાળા પ્રવેશોત્સવ'ની ઉજવણી

સાવરકુંડલા,તા.૨૧



સાવરકુંડલામાં જેસર રોડ પરની સ્વામિનારાયણ ગુરુકુળ શાળા ખાતે 'ઉત્સવ આવકારનો' અંતર્ગત શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ધોરણ ૧૦ ની વિદ્યાર્થીનીઓએ તમામ નવા બાળકોને કુમકુમ તિલક કરીને આવકાર્યા હતા. શિક્ષણના પ્રથમ ચરણમાં પગ માંડતા આ બાળકોએ શાસ્ત્રોક્ત વિધિથી બુક અને પેનનું પૂજન કર્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય કોઠારી અક્ષરમુક્તદાસજી સ્વામીએ દરેક બાળકને શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરીને જીવનમાં પ્રગતિ કરવાના આશીર્વાદ આપ્યા હતા.

# જાફરાબાદ પોલીસ દ્વારા તાલુકા શાળા ખાતે 'ઓપરેશન સુરક્ષિત સાયબર શક્તિ' કાર્યક્રમ યોજાયો

જાફરાબાદ,તા.૨૧

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા સાયબર સલામતી અને સુરક્ષિત ડિજિટલ વાતાવરણના નિર્માણ માટે મહિલાઓ અને બાળકોમાં જાગૃતિ લાવવાના વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ઓનલાઈન ગુનાઓ અટકાવવા અને ટેકનોલોજી આધારિત સાવચેતી રાખવાના હેતુથી જાફરાબાદ તાલુકા શાળા ખાતે 'ઓપરેશન સુરક્ષિત સાયબર શક્તિ' અંતર્ગત ભવ્ય જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને મહિલાઓને ડિજિટલ યુગમાં સુરક્ષિત રહેવા માટે જરૂરી માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત, સમાજ માટે દૂષણ સમાન બાળ મજૂરી પ્રથાને જડમૂળથી નાબૂદ કરવા અંગે પણ વિશેષ ચર્ચા કરવામાં આવી હતી અને લોકોને બાળ મજૂરી અટકાવી સમાજમાંથી આ પ્રવૃત્તિને સદંતર ડામી દેવા માટે જાગૃત કરી જરૂરી અપીલ કરવામાં આવી હતી.



તસવીર : સૌરભ દોશી

# મોટા ભંડારીયા કૃષિ મહાવિદ્યાલય ખાતે ૧૨માં 'વિશ્વ યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

અમરેલી,તા.૨૧

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત કૃષિ મહાવિદ્યાલય, મોટા ભંડારિયા (અમરેલી) માં NSS દ્વારા "યોગા ફોર હેલ્થી એજિંગ" થીમ હેઠળ ૧૨ માં "વિશ્વ યોગ દિવસ" નું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ટ્રેનર અસ્મિતાબેન કોટડીયા અને સુમિતાબેન માંડલિયાએ ઉપસ્થિતોને યોગના મહત્વ અને આરોગ્યલક્ષી લાભો અંગે માર્ગદર્શન આપી સૂર્યનમસ્કાર, આસનો, પ્રાણાયામ તથા ધ્યાન અંગે પ્રાયોગિક તાલીમ આપી હતી. આ કાર્યક્રમમાં NSS ના સ્વયંસેવકો અને સ્ટાફગણ મળીને કુલ ૫૮ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ દૈનિક જીવનમાં યોગ અપનાવવાની પ્રેરણા મેળવી હતી. મહાવિદ્યાલયના આચાર્ય ડૉ. ડી. એસ. કેલૈયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. કિરણબેન ચંદ્રવાડીયા તથા ડૉ. પી. એચ. ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું.





LAKSHYA EDUCATION
એડમિશન પ્રક્રિયા શરૂ છે
ધોરણ 10 અને 12 પછી
ANM
GNM
BSC (નર્સિંગ)
PBSC
B.D.S.
D. PHARMACY
SC ST વિદ્યાર્થી ને શિષ્યવૃત્તિ પર એડમિશન
માન્ય સંસ્થા
વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન
બીજો માળ ટાઉન હોલ ભીડભંજન મંદિર સામે અમરેલી
લાલજી ચાવડા
7043819956
રાજકોટ, ભાવનગર, જુનાગઢ, ગાંધીનગર, અમદાવાદ, અમરેલી,


# અમરેલીના વેણીવદરમાં મેલેરિયા માસ અંતર્ગત વાહકજન્ય રોગો અટકાવવા કામગીરી હાથ ધરાઈ

અમરેલી,તા.૨૧

જૂન માસ 'મેલેરિયા માસ' અંતર્ગત અમરેલી તાલુકાના વેણીવદર ગામને રોગમુક્ત રાખવા માટે વાહકજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા વિરોધી વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જિલ્લા મેલેરિયા અધિકારી ડો. એ. કે. સિંગ, તાલુકા આરોગ્ય અધિકારી ડો. આર. કે. ઝાલા અને પીએચસી મોટા આંકડીયાના મેડિકલ ઓફિસર ડો. મિત કે. મોદીના માર્ગદર્શન હેઠળ વેણીવદરના ૧૫ જેટલા ઘરોની ખુલ્લી ટાંકીઓમાં પોરાનાશક માછલીઓ મૂકવામાં આવી હતી. આ સાથે જ આરોગ્ય ટીમ દ્વારા લોકોને ચોખ્ખા અને બંધિયાર પાણીમાં થતા મચ્છરો અટકાવવા તેમજ અગાશી કે ફળિયાના ભંગારમાં વરસાદી પાણી ન ભરાવા દેવા અંગે જરૂરી આરોગ્ય શિક્ષણ આપી તકેદારી રાખવા જણાવાયું હતું. આ કામગીરીને સફળ બનાવવા સ્થાનિક આરોગ્ય કર્મચારી એમ. એમ. જુણેજા અને ભાવનાબેને ભારે જહેમત ઉઠાવી હતી.



# અમરેલી જિલ્લામાંથી ૧૪ શરાબી ઝડપાયા

અમરેલી, તા.૨૧

અમરેલી શહેરમાંથી ૩ સહિત, જિલ્લાના વિવિધ સ્થળેથી પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા કુલ ૧૪ લોકોને ઝડપી લેવાયા હતા. આ સિવાય, ૩ શખ્સો પાસેથી ૮ લીટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો.



BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## બરવાળા બાવીશી ગ્રામ પંચાયત

તા.કુંકાવાવ, જિ.અમરેલી

-:: જાહેર હરરાજી ::-

આથી રસ ધરાવતા ઈસમો ને જણાવવાનું કે બરવાળા બાવીશી ગ્રામ પંચાયત તાલુકો કુંકાવાવ જીલ્લો અમરેલી ખાતે આવેલ જર્જરિત આંગણવાડીનું મકાન તોડી માલસામાન લઈ જાય ખુલ્લુ ગ્રાઉન્ડ કરી આપવા માટે બરવાળા બાવીશી ગ્રામ પંચાયતની તારીખ ૩/૧૨/૨૦૨૫ની સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક ૬ તેમજ તાલુકા પંચાયત કુંકાવાવ બાંધકામ શાખાના પત્ર તારીખ ૩૧/૧૨/૨૦૨૫ ના પત્રક પ્રમાણે તથા પ્રમાણપત્ર મુજબ મંજુર અપસેટ પ્રાઈસ રૂા. ૨૯૪૭ નક્કી કરેલ છે. ઉપરની જાહેર હરાજીની બોલીથી વધારામાં વધારે બોલી લગાવનારને આ કામ આપવાનું છે જાહેર હરાજીમાં ભાગ લેવા માટે રૂપિયા ૧૦૦૦ પુરા ની ડિપોઝિટ જમા કરાવીને હરાજીમાં ભાગ લઈ શકાશે હરાજીનું મંજુર કે નામ મંજુર કરવાનો અધિકાર સરપંચ શ્રી બરવાળા બાવીસી ગ્રામ પંચાયતને અબાધિત રહેશે.

**સ્થળ : પ્રાથમિક શાળા - બરવાળા બાવીસી, તા. કુંકાવાવ, જી. અમરેલી**
**હરરાજીની તારીખ : ૩૦/૦૬/૨૦૨૬ (મંગળવાર) સમય : બપોરે ૧૨:૦૦ કલાકે**

ઈમલાની અપસેટ પ્રાઈઝ રૂા.૨૯૪૭/- થી વધુ નક્કી કરેલ છે.

જાહેર હરરાજીની બોલીઓ અને શરતો સ્થળ ઉપર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે કોઈ પણ સંજોગોવસાત જાહેર હરરાજી બંધ રહે તો પછીની તારીખે આ જ જાહેર સ્થળે હરાજી કરવામાં આવશે.

સરપંચ<br>શારદાબેન અરવિંદભાઈ ડોબરીયા<br>ગ્રામપંચાયત બરવાળા બાવીશી

તલાટી મંત્રી<br>મેઘાબેન જોશી<br>ગ્રામપંચાયત બરવાળા બાવીશી


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

# અમરેલી બિલ્ડર એસોસિએશનની જનરલ બોર્ડ મીટિંગ યોજાઈ

**દરેક સભાસદ માટે રૂ. ૧૦ લાખની વીમા પોલિસી લેવાનો મહત્વનો નિર્ણય કરાયો**

અમરેલી,તા.૨૧

અમરેલીના ચક્કરગઢ રોડ પર આવેલા ખોડલધામ પાર્ટી પ્લોટ ખાતે અમરેલી બિલ્ડર એસોસિએશનની જનરલ બોર્ડ મીટિંગ યોજાઈ હતી. કાર્યક્રમ દરમિયાન નગરપાલિકાના નવનિયુક્ત નગરસેવકોનું સ્વાગત કરાયું હતું. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પણ ટેલિફોનિક સંવાદ દ્વારા એસોસિએશનને સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી.એસોસિએશન દ્વારા તમામ સભ્યોના ઓળખકાર્ડ બનાવવા અને દરેક સભાસદ માટે રૂ. ૧૦ લાખની વીમા પોલિસી લેવાનો મહત્વનો નિર્ણય કરાયો હતો. આ ઉપરાંત, વર્ષના આવક-જાવકના હિસાબોને બહાલી આપવામાં આવી હતી તેમજ 'સત્તા પ્રકાર-બી' બાબતે રજૂઆત કરી તેના યોગ્ય ઉકેલની ખાતરી અપાઈ હતી. બેઠકમાં બાંધકામ સાઈટ પર સ્વચ્છતા રાખવા,







મકાનો નગરપાલિકા વેરામાં નોંધાવવા, સોસાયટીઓમાં ગટર-પાણીની ગુણવત્તાયુક્ત સુવિધા ઊભી કરવા અને પાણીનો બગાડ અટકાવવા અપીલ કરાઈ હતી. ICICI બેંકના રિજનલ હેડ મયુરભાઈ ગાંધી અને સ્ટાફે હોમ, કોમર્શિયલ અને વ્હીકલ લોન અંગે વિગતવાર માહિતી આપી સહકારની ખાતરી આપી હતી. કાર્યક્રમમાં મેહુલભાઈ ધોરાજીયા, વિજયભાઈ ચોટલીયા, રાકેશભાઈ સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા. નગરપાલિકાની ટી.પી. શાખામાંથી ટાઉન પ્લાનર રાડિયા તથા હાર્દિકભાઈ,નગરપાલિકાના સદસ્યો સંજયભાઈ રામાણી, હરેશભાઈ કાબરીયા, દિલીપભાઈ વાળા, ચંદુભાઈ ખણેસા, ચિરાગભાઈ ત્રિવેદી, સંજયભાઈ ભેસાણીયા, હરેશભાઈ ચાવડા, ચિરાગભાઈ દેસાઈ, સમીરભાઈ જાની, મહેશભાઈ જાવિયા, નિરજભાઈ ડોડીયા, બાબરીયા ભાઈ તેમજ અલ્કાબેન ગોંડલીયાએ પણ હાજરી આપી હતી. ICICI બેંકના રિજનલ મેનેજર (હેડ બ્રાન્ચ) સાવલિયા, સૌરાષ્ટ્ર-કચ્છના રિજનલ હેડ મયુરભાઈ ગાંધી, અમરેલીના જાણીતા ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવ તેમજ 'અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ'ના પ્રમુખ ચતુરભાઈ અકબરી અને હરેશભાઈ સાદરાણીએ પણ વિશેષ હાજરી આપી હતી.અમરેલી બિલ્ડર એસોસિએશનના પ્રમુખ હિંમતભાઈ સોળિયા, રાજુભાઈ શિયાણી, દીપકભાઈ મહેતા અને દયાળભાઈ સંઘાણી, હિરેનભાઈ રાસડીયા, જયંતીભાઈ મનાણી, મનસુખભાઈ ચૌહાણ, જયસુખભાઈ દેવાણી અને ચંદુભાઈ ખણેચા ઉપસ્થિત હતા. વહીવટી જવાબદારી સંભાળતા મહામંત્રી ચંદુભાઈ વોરા અને સંજયભાઈ વાગડિયા, મંત્રી દિવ્યેશભાઈ તળાવીયા, મહેશભાઈ જાવિયા અને પારસભાઈ છત્રોલા તેમજ સહ-મંત્રી વિજયભાઈ કાછડીયા અને જયસુખભાઈ પાનેલીયા તેમજ એસોસિએશનના તમામ કારોબારી સભ્યો, સલાહકાર સમિતિના સભ્યો, અન્ય હોદ્દેદારો અને સભાસદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સંજયભાઈ વાગડિયા, વિજયભાઈ કાછડીયા અને રાજુભાઈ શિયાણીએ કર્યું હતું, જ્યારે આભારવિધિ દિવ્યેશભાઈ તળાવીયાએ કરી હતી.

## વડિયાના તોરી ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

વડિયા, તા.૨૧

વડિયાના તોરી ગામેથી એક યુવતી ઘરેથી ચાલી નીકળી હતી.

બનાવ અંગે કિશોરભાઈ અરજણભાઈ પોશીયા (ઉ.વ.૫૦) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી શીવાંગીબેન (ઉ.વ.૨૬) ૧૫ દિવસ પહેલાં રાત્રે પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર પહેરેલા કપડે નીકળી ગઈ હતી.

વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એલ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

**વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એલ. જાડેજા વધુ તપાસ હાથ ધરી**

## સાંજણટીબા-અંટાળિયા માર્ગ પર નિર્માણાધીન પુલની મહેશ કસવાળાએ સમીક્ષા કરી

લીલીયા,તા.૨૧

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય મહેશ કસવાળાએ લીલીયા તાલુકાના સાંજણટીંબા-અંટાળિયા માર્ગ પર નિર્માણાધીન પુલની સ્થળ મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. વિસ્તારના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપવાના ભાગરૂપે



તેમણે પુલના બાંધકામની પ્રગતિ અંગે અધિકારીઓ અને સંબંધિત એજન્સીના પ્રતિનિધિઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી.મુલાકાત દરમિયાન ધારાસભ્યએ પુલનું કામ ગુણવત્તાસભર રીતે અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે વિકાસલક્ષી કાર્યોમાં કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં અને લોકોના હિતને કેન્દ્રમાં રાખીને કામગીરી કરવામાં આવશે.

## પત્નીએ પતિને 'તમે કંઈ સારી રીતે કામ-ધંધો કરો' તેમ કહેતા ઝપાઝપી કરી

**જાફરાબાદના ટીબી ગામે બનાવ બન્યો**

જાફરાબાદ, તા.૨૧

જાફરાબાદના ટીંબી ગામે એક પત્નીએ તેના પતિને "તમે કંઈ સારી રીતે કામ-ધંધો કરો" તેમ કહેતા પતિએ ઝપાઝપી કરી હતી.

બનાવ સંદર્ભે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મહિલાએ તેના પતિને "તમે કંઈ સારી રીતે કામ-ધંધો કરતા નથી અને મારું તથા મારા બાળકોનું પૂરું કરી શકતા નથી" તેમ કહેતા પતિએ ઉશ્કેરાઈને ગાળો આપી હતી, તેમજ ઝપાઝપી કરી મોઢાના ભાગે નખ મારી સામાન્ય ઈજા પહોંચાડી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. એન. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલામાં જૂના બસ સ્ટેશન પાસે બાઈક ચાલકે આધેડને અડફેટે લેતા માથામાં ૧૦ ટાંકા આવ્યા

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા શહેરમાં બેફામ ગતિએ વાહન ચલાવતા વાહનચાલકો નિર્દોષ નાગરિકો માટે જોખમી બની રહ્યા છે, ત્યારે જૂના બસ સ્ટેશન નજીક વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી હતી. પુરપાટ ઝડપે આવતા એક મોટરસાયકલ ચાલકે ફૂટની લારી ચલાવતા આધેડને જોરદાર ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને તે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે સાહીદભાઈ ઓસમાણભાઈ કાલવા (ઉ.વ.૪૪) એ બાઈક ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ફ્રૂટની લારી ચલાવતા તેના પિતા પોતાની લારીએથી પાણી પીવા માટે જૂના બસ સ્ટેશન પાસે આવેલા પાણીના પરબ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન પોલીસ સ્ટેશન તરફથી એક મોટરસાયકલ પર આવેલા ચાલકે રસ્તો ઓળંગી (ક્રોસ કરી) રહેલા તેના પિતાને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે માથાના ભાગે ગંભીર ઈજા થતાં ૧૦ જેટલા ટાંકા લેવા પડ્યા હતા. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

**મૃતકે ભાગીને લગ્ન કર્યા હતા, અણબનાવ બાદ પત્ની પિયર હતી**

## રાજુલાના ખેરા ગામે પ્રેમ પ્રકરણનો કરુણ અંજામ: પત્નીના બીજા લગ્નના આઘાતમાં યુવકે ઝેરી દવા પીતા મોત

રાજુલા, તા.૨૧

રાજુલા તાલુકાના ખેરા ગામે પ્રેમ લગ્નનો કરુણ અંજામ સામે આવ્યો હતો. પત્ની પિયર જતી રહ્યા બાદ અન્ય જગ્યાએ લગ્ન કરવાની હોવાના આઘાતમાં એક યુવકે બાવળની ઝાડીઓમાં ઝેરી દવા ગટગટાવી લેતા તેનું મોત નીપજ્યું હતું. આત્મહત્યા કરતા પહેલાં યુવકે ઉશ્કેરાઈને તેના સસરા પર પણ હુમલો કર્યો હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. આ અંગે મેસાબેન રણછોડભાઈ ગુજરીયા (ઉ.વ.૫૨)એ જાહેર કર્યા મુજબ, મૃતક વિનુભાઈ રણછોડભાઈ ગુજરીયા (ઉ.વ.૨૭)ને અસ્મિતા નામની યુવતી સાથે પ્રેમસંબંધ હતો. આ પ્રેમસંબંધને પગલે બંને ઘર છોડીને ભાગી ગયા હતા અને લગ્ન કરી લીધા હતા.

જો કે, લગ્નજીવનમાં કોઈ કારણસર અણબનાવ બનતા વિનુની પત્ની અસ્મિતા તેને છોડીને પોતાના માતા-પિતાના ઘરે પરત જતી રહી હતી. દરમિયાન, અસ્મિતાના પરિવારજનો તેના બીજા લગ્ન કરાવવાની તૈયારી કરી રહ્યા હોવાની જાણ વિનુને થઈ હતી. પોતાની પત્ની અન્ય કોઈ સાથે લગ્ન કરી લેશે તે બાબત વિનુ સહન કરી શક્યો ન હતો અને તેને આ વાતનો ઊંડો આઘાત લાગ્યો હતો. આથી વિનુએ અસ્મિતાના પિતા પર હુમલો કરી દીધો હતો. તેણે સસરાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મારામારી કરી હતી અને ત્યાંથી નાસી છૂટ્યો હતો. જે બાદ વિનુએ ગામ નજીક આવેલી બાવળની કાંટમાં જઈને કોઈ ઝેરી દવા પી લીધી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. બી. જીંજાળા વધુ તપાસ કરી રહ્યા છે.

**સસરા પર પણ હુમલો કર્યો હતો**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: આઠમ
તા.૨૨-૦૬-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૫:૫૯,
સૂર્યાસ્ત-૦૭:૨૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

### દૈનિક રાશિફળ

તા.૨૨-૦૬-૨૦૨૬ સોમવાર

મેષ: તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે.

વૃષભ: આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે.

મિથુન: તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે.

કર્ક: ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો.

સિંહ: આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે.

કન્યા: આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે.

વૃશ્ચિક: આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે.

ધન: આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે હંમેશા તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબદ્ધ છો.

મકર: આજનો દિવસ ઇચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે.

**અમરેલીમાં દિવ્યાંગ ઉદ્યોગસાહસિકની અનોખી પહેલ**

## મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે PET પ્રીફોર્મ યુનિટનું ઉદ્ઘાટન

**પ્રીફોર્મ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે આ પ્રથમ યુનિટ, જે પેકેજિંગ ઉદ્યોગો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે**

અમરેલી, તા.૨૧

અમરેલીમાં દિવ્યાંગ ઉદ્યોગસાહસિક ચેતનભાઈ અને તેમના મિત્રો દીપકભાઈ, નરેશભાઈ તથા સુરેશભાઈએ દૃઢ ઈચ્છાશક્તિના બળે PET બોટલ માટે જરૂરી PET પ્રીફોર્મ બનાવતા અદ્યતન યુનિટની સ્થાપના કરી છે. ફતેપુર રોડ પર સ્થિત 'DBS Poly Pack' અને 'DBS Prepack LLP'નું ઉદ્ઘાટન ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીએ યુવા સાહસિકોને બિરદાવતા જણાવ્યું હતું કે, આ પ્રકારના ઉદ્યોગો સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઊભી કરશે અને જિલ્લાની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવશે. અમરેલી જિલ્લામાં



PET પ્રીફોર્મ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે આ પ્રથમ યુનિટ છે, જે પેકેજિંગ ઉદ્યોગો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. દિવ્યાંગ હોવા છતાં ચેતનભાઈએ સાથીદારો સાથે મળીને સાકાર કરેલું આ સ્વપ્ન અન્ય યુવાનો માટે પ્રેરણાદાયી છે.

આ પ્રસંગે મંત્રીના અંગત મદદનીશ, ભાવેશ ભાલિયા, જીતેન્દ્ર બોદર, પરેશ બોઘરા, મહેશ વઘાસીયા, આશિષ ધડુક, મિલાપ ભટ્ટ, મનીષ કુબાવત, લક્ષદીપ મહાજન, હાર્દિક સુખડીયા, રજની વઘાસીયા, મહેશ રંગપારીયા,રવિ કોટડીયા, નારાયણ કોટડીયા, હિમાંશુ ગોધાણી, જયદીપ પાંચાણી, જયદીપ ચોવટીયા, નરેશ વેકરિયા,રમેશ ભંડેરી, અભિષેક માંડણકા,જીતેન્દ્ર કથીરિયા, મુકેશ જોષી, શાસ્ત્રી પુનિતદાદા જોષી, પરેશ વાડદોરીયા, ધાર્મિક સોરઠીયા, ઘનશ્યામ ભુવા, કિરીટભાઈ સુખડીયા, ગોપાલ ખૂંટ,ખીમજીભાઈ વાડદોરીયા, નિમેષભાઈ પારેખ સહિત, જયસુખભાઈ કોટડીયા સારથી સોસાયટીના અંગત મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા રૂરલ પોલીસ સાયબર ફ્રોડના રૂ. ૪૮,૯૯૯ ફરિયાદીને પરત અપાવ્યા

સાવરકુંડલા,તા.૨૧



'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા રૂરલ પોલીસની સાયબર હેલ્પ ડેસ્ક ટીમે પ્રશંસનીય સફળતા મેળવી છે. પોલીસે સાયબર ફ્રોડનો ભોગ બનેલા એક ફરિયાદીના ગુમાવેલા પૂરેપૂરા રૂ. ૪૮,૯૯૯/- સો ટકા રીકવર કરીને તેમને પરત અપાવ્યા છે. આ પ્રસંગે પોલીસ અધિકારીઓએ નાગરિકોને સાયબર ગુનાઓથી બચવા અને કોઈપણ છેતરપિંડીના કિસ્સામાં ત્વરિત સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવા અનુરોધ કર્યો છે. પોલીસની આ તત્પરતાથી ભોગ બનનાર યુવકે ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ડેરી પીપરિયા, નવા પીપરિયામાં પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ કાર્યક્રમ

**કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતોને ફળદ્રુપતા જાળવવાના ઉપાયો સમજાવ્યા**

અમરેલી,તા.૨૧

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ પ્રો. (ડૉ.) સી. કે. ટીંબડિયાના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા ડેરી પીપરિયા અને નવા પીપરિયા ગામે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમ તથા ખરીફ ઋતુ પાક નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. એસ. પી.



દેશમુખના નેતૃત્વમાં યોજાયેલા કાર્યક્રમમાં ૭૫થી વધુ ખેડૂતો જોડાયા હતા. નિષ્ણાતોએ બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત, વાપસા અને આચ્છાદન જેવા પ્રાકૃતિક ખેતીના આધારસ્તંભો અંગે માર્ગદર્શન આપ્યું હતું. સાથે કુદરતી જીવાત નિયંત્રણ, મિશ્રપાક પધ્ધતિ અને જમીનની ફળદ્રુપતા જાળવવાના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી ખર્ચ ઘટાડવા, ઉત્પાદન સ્થિર રાખવા અને પર્યાવરણમૈત્રી ખેતી તરફ આગળ વધવા અપીલ કરવામાં આવી હતી.

## તંત્રી લેખ

# મધ્ય પૂર્વમાં નાજુક શાંતિનો માર્ગ

અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા તણાવ અને સંઘર્ષ વચ્ચે તાજેતરમાં જાહેર થયેલા યુધ્ધવિરામ કરારે સમગ્ર વિશ્વનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓથી મધ્ય પૂર્વમાં વધતી અસ્થિરતા, પરસ્પર હુમલાઓ, આર્થિક અનિશ્ચિતતા અને પ્રાદેશિક સુરક્ષા અંગે ઊભા થયેલા પ્રશ્નો વચ્ચે આ સમજૂતીને એક મહત્વપૂર્ણ રાજદ્વારી સફળતા તરીકે જોવામાં આવી રહી છે. તાજેતરની માહિતી મુજબ બંને દેશોએ તાત્કાલિક યુધ્ધવિરામ માટે સંમતિ વ્યક્ત કરી છે અને આગામી દિવસોમાં કાયમી ઉકેલ શોધવા માટે વધુ વાટાઘાટો કરવાનો નિર્ણય લીધો છે. આ યુધ્ધવિરામ માત્ર બે દેશો વચ્ચેનો કરાર નથી, પરંતુ સમગ્ર મધ્ય પૂર્વના ભવિષ્ય સાથે જોડાયેલો મુદ્દો છે. છેલ્લા ચાર મહિનાથી આ વિસ્તારમાં વધતી હિંસાએ હજારો લોકોના જીવનને અસર પહોંચાડી છે. લેબનોન, સિરિયા, ગાઝા અને આસપાસના વિસ્તારોમાં રાજકીય અને સૈન્ય અસ્થિરતા વધતી રહી હતી. આવા સમયે થયેલી સમજૂતીથી તણાવમાં તાત્કાલિક ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ કરારનો સૌથી મહત્વપૂર્ણ પાસું ઈરાનના પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલો છે. અમેરિકા લાંબા સમયથી ઈરાનને પરમાણુ શસ્ત્રો મેળવવાથી રોકવા માટે દબાણ કરી રહ્યું છે. અમેરિકાનું માનવું છે કે પરમાણુ હથિયારોની ક્ષમતા ધરાવતું ઈરાન માત્ર મધ્ય પૂર્વ જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની સુરક્ષા માટે પડકાર બની શકે છે. બીજી તરફ ઈરાન સતત દાવો કરતું આવ્યું છે કે તેનો પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણપણે શાંતિપૂર્ણ હેતુઓ માટે છે. આ વિવાદ વર્ષોથી બંને દેશો વચ્ચેના મતભેદનું કેન્દ્ર રહ્યો છે. નવી સમજૂતી મુજબ ઈરાને પોતાના સમૃધ્ધ યુરેનિયમના ભંડારને ઘટાડવાની તૈયારી દર્શાવી છે અને આંતરરાષ્ટ્રીય દેખરેખ હેઠળ કામ કરવાની સંમતિ આપી છે. જોકે આ પ્રક્રિયાની ચોક્કસ વિગતો હજુ જાહેર કરવામાં આવી નથી. આગામી સાઠ દિવસ દરમિયાન બંને પક્ષો વધુ ચર્ચાઓ કરીને અંતિમ સમજૂતી સુધી પહોંચવાનો પ્રયાસ કરશે. આ સમયગાળો કરારની સફળતા માટે અત્યંત નિર્ણાયક સાબિત થઈ શકે છે. આર્થિક પ્રતિબંધોનો મુદ્દો પણ આ સમગ્ર પ્રક્રિયાના કેન્દ્રમાં છે. વર્ષોથી લાગુ રહેલા અમેરિકન પ્રતિબંધોના કારણે ઈરાનની અર્થવ્યવસ્થાને ભારે નુકસાન થયું છે. તેલની નિકાસમાં ઘટાડો, વિદેશી રોકાણમાં અવરોધ અને નાણાકીય વ્યવહારો પરના નિયંત્રણોએ ઈરાનને ગંભીર આર્થિક પડકારો સામે ઉભું રાખ્યું છે. યુધ્ધવિરામ બાદ અમેરિકાએ ઈરાની તેલની નિકાસ માટે અમુક રાહતો આપવાની જાહેરાત કરી છે, જેના કારણે ઈરાનને આર્થિક રીતે થોડી રાહત મળી શકે છે. જોકે વ્યાપક પ્રતિબંધો દૂર કરવાનો નિર્ણય હજુ અંતિમ સમજૂતી પર આધારિત છે. હાલ માટે એટલું ચોક્કસ કહી શકાય કે મધ્ય પૂર્વમાં ગોળીબારની ગર્જના વચ્ચે શાંતિનો એક નાજુક અવાજ સંભળાયો છે. હવે વિશ્વની નજર એ વાત પર ટકેલી છે કે આ અવાજ કાયમી શાંતિના સંગીતમાં પરિવર્તિત થાય છે કે ફરી એકવાર સંઘર્ષના કોલાહલમાં દબાઈ જાય છે.

# "વિદેશમાં રહેતા હિન્દુઓની સ્થિતિ ભારતમાં રહેતા હિન્દુઓની સ્થિતિ સાથે સીધી રીતે સંબંધિત છે. કારણ કે ભારત વિશ્વભરના હિન્દુઓ માટે પ્રેરણાભૂમિ છે : સુદર્શનજી - (પુષ્પ : ૨૭)



## વિચારપૂંજ

**સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાંચમા સરસંઘચાલક સુદર્શનજીએ વર્ષ -૨૦૦૦ માં વિજયાદશમીના ઉત્સવમાં કહ્યું હતું કે, "વિદેશમાં રહેતા હિન્દુઓની સ્થિતિ ભારતમાં રહેતા હિન્દુઓની સ્થિતિ સાથે સીધી રીતે સંબંધિત છે. કારણ કે ભારત વિશ્વભરના હિન્દુઓ માટે પ્રેરણાભૂમિ છે. ભારતમાં હિન્દુ સમાજ જેટલો સંગઠિત, મજબૂત, સ્વરક્ષણાત્મક અને આત્મસન્માનિત બનશે તેટલા જ વિદેશમાં રહેતા હિન્દુઓ પણ માથું ઊંચું રાખીને આત્મવિશ્વાસ અને આત્મસન્માનથી ભરપૂર ચાલશે. ભારતમાં પરમાણુ વિસ્ફોટ, ઉપગ્રહ ટ્રાન્સમિશન, મિસાઈલો, સુપર કમ્પ્યુટર અને ક્રાયોજેનિક એન્જિનનું નિર્માણ, માહિતી ટેકનોલોજીનો વિકાસ વગેરે જેવી દરેક સિધ્ધિઓએ ભારત તેમજ સમગ્ર વિશ્વના હિન્દુઓને આનંદ અને પ્રેરણા આપી છે. વિશ્વભરના હિન્દુઓ માટે ભારત એક માત્ર એવો દેશ છે જેને તેઓ પોતાનો કહી શકે છે. જ્યાં તેઓ પોતાનું સ્થાન અનુભવી શકે છે અને કટોકટીના સમયે જેના તરફ તેઓ નજર કરી શકે છે. પરમ પૂજ્ય શ્રી ગુરુજીને એક પત્રકાર પરિષદમાં એક પત્રકારે એક પ્રશ્ન પૂછયો કે 'શું હિન્દુસ્તાન ફક્ત હિન્દુઓ માટે જ છે ?' તો તેમણે જવાબ આપ્યો કે 'ફક્ત હિન્દુસ્તાન હિન્દુઓ માટે છે તેથી હિન્દુઓની મોટી જવાબદારી છે કે તેઓ પોતાના દેશને સુખી, સ્વસ્થ, સમૃધ્ધ અને શક્તિશાળી બનાવે. તેમને આ જવાબદારીની અનુભૂતિ કરાવવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છેલ્લા ૭૫ વર્ષથી કાર્યરત છે. આ સંઘનો દરેક પુખ્ત સ્વયંસેવક પ્રતિજ્ઞા લે છે કે, 'હું આપણા પવિત્ર હિન્દુ ધર્મ, હિન્દુ સંસ્કૃતિ અને હિંદુ સમાજનું રક્ષણ કરવા અને હિન્દુ રાષ્ટ્રની સર્વાંગી પ્રગતિ કરવા માટે સંઘનો ઘટક બન્યો છું. બધા રાજકીય પક્ષો દેશના સર્વાંગી વિકાસની વાત કરે છે. પરંતુ સંઘ પૂર્વશરત તરીકે હિન્દુ ધર્મ, હિન્દુ સંસ્કૃતિ અને તેના મૂળભૂત હિંદુ સમાજનું રક્ષણ કરવાનો ઈરાદો ધરાવે છે. જો આજે કોઈ આરબ દેશ કહે કે, ભારતના વિકાસની સંપૂર્ણ જવાબદારી અમે લઈશું પણ તમારે ઈસ્લામ સ્વીકારવો પડશે તો આપણે આ સ્વીકારીશું નહીં. આજે જો અમેરિકા કહે કે, ભારતના વિકાસનો બધો ખર્ચ અમે ઉઠાવીશું તમારે બધાએ ફક્ત ખ્રિસ્તી ધર્મ સ્વીકારવો પડશે તો આ આપણને સ્વીકાર્ય નથી. ભારત હિન્દુ જ રહેશે, તેનું ચરિત્ર હિન્દુ જ રહેશે અને હિન્દુ રહીને જ આ દેશનો સર્વાંગી વિકાસ હિન્દુ વિચારસરણીના આધારે જ થશે. આ જ અમારો ઉદ્દેશ છે, આજ અમે કરીશું. પરંતુ છેલ્લા ૫૦ વર્ષોમાં આવા દરેક પ્રયાસનો એક ચોક્કસ વર્ગ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. આ શ્રેણીમાં મેકોલે અને માર્ક્સવાદીઓ છે. લખનૌમાં મારો એક મિત્ર ઘણા સમયથી આગ્રહ કરી રહ્યો હતો કે, આ લોકોએ આપણા માટે રૂઢિચુસ્ત, પરંપરાવાદી, પ્રતિગામી, પ્રતિક્રિયાવાદી, કટ્ટરવાદી, સાંપ્રદાયિક વગેરે જેવા ઘણા બધા વિશેષણો બનાવ્યા છે અને દરેક હિન્દુ ચળવળ માટે આમાંથી એક કે બે વિશેષણો છે તે વિશેષણોનો ઉપયોગ કરીને આપણને બદનામ કરવાનો પ્રયાસ કરતા રહે છે. શા માટે આપણે તેમના માટે કોઈ સરસ અને કડવાશભર્યું વિશેષણ ન બનાવીએ ? ખૂબ વિચાર કર્યા પછી પણ મને તે યાદ નહોતું પરંતુ વારાણસીની ગાંધી સંસ્થા સાથે સંકળાયેલા અને લોહિયાના વિચારોમાં ઉછરેલા એક પ્રોફેસરે ટૂંક સમયમાં પ્રકાશિત થનારા તેમના પુસ્તકમાં એક અર્થપૂર્ણ વિશેષણ શોધી કાઢ્યું છે તે 'યુરંડપંથી' છે. તેમણે આ વર્ગને જે ભારતમાં રહેતા હોવા છતાં યુરોપિયન ચશ્મામાંથી ભારતને જુએ છે તેને 'યુરંડપંથી' કહ્યા છે. આ રીતે સુદર્શનજીએ આપેલા પ્રથમ બૌધ્ધિકમાં સાંપ્રત ભારતની સ્થિતિને ધ્યાનમાં લઈને પોતાની સ્વતંત્ર અને સ્વાથત કહી શકાય એવી વિચારધારા રજૂ કરી હતી.

ભારત દાયકાઓથી આતંકવાદ સામે લડી રહ્યું છે. આજે પણ જ્યારે આતંકવાદ સામે વૈશ્વિક મોરચો બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે ભારતને આતંકવાદથી મુક્ત કરવાનો મુદ્દો પ્રાથમિકતા તરીકે લેવામાં આવતો નથી. અમેરિકાએ પોતાના રાષ્ટ્રીય હિતોનું ધ્યાન રાખવું પડે તે પણ સ્વાભાવિક છે. તેને પોતાના રાષ્ટ્રીય અપમાનનો બદલો લેવો પડશે અને આ માટે તેને પાકિસ્તાનની મદદ લેવી જરૂરી લાગે છે તો પછી તે પાકિસ્તાન કરતાં ભારતનો પક્ષ કેમ લેશે ? આપણે સ્પષ્ટપણે સમજવું જોઈએ કે ભારતે પોતાની લડાઈ પોતે જ લડવી પડશે. બીજું કોઈ તેના માટે લડવા માટે આવવાનું નથી.

# વાવણીનો વરસાદ એટલે : આશા, પરિશ્રમ અને સમૃધ્ધિનું સ્વપ્ન





ભારતીય સંસ્કૃતિ, અર્થવ્યવસ્થા અને સમૃધ્ધિનો પાયો ખેતી અને ખેડૂતો છે. ખેડૂતો માત્ર પોતાના પરિવારનું ભરણપોષણ કરતો નથી, પરંતુ સમગ્ર દેશના અન્નદાતા છે. તેના પરસેવાના દરેક ટીપામાં દેશના કરોડો લોકોના જીવનનું સુખ અને સમૃધ્ધિ સમાયેલા છે. ખેડૂતનું જીવન પ્રકૃતિ પર્યાવરણ અને જીવ સૃષ્ટિ સાથે ગાઢ રીતે જોડાયેલું છે અને તેમાં પણ વરસાદનું વિશેષ મહત્વ છે. ખાસ કરીને વાવણીનો વરસાદ ખેડૂત માટે કોઈ સામાન્ય ઘટના નથી, પરંતુ નવા વર્ષ, નવી આશા અને નવા જીવનની શરૂઆત જેવું જ છે. જેવો ઉમંગ અને ઉત્સાહ ખેડૂત પરિવારમાં જોવા મળે છે.

ઉનાળાની આકરી ગરમી પછી જ્યારે આકાશમાં કાળા ડિબાંગ વાદળી ઘેરાય છે, વીજળીના ચમકારા થાય છે અને વરસાદના પ્રથમ છાંટા ધરતી પર પડે છે, ત્યારે સૂકી ધરતીમાંથી આવતી માટીની સોડમ સુગંધ દરેક ખેડૂતના હૃદયને આનંદથી ભરી દેય છે. ખેડૂત માટે આ ક્ષણ કોઈ તહેવારથી ઓછી નથી, કારણ કે હવે વાવણીનો સમય આવી ગયો છે.

વાવણી એ માત્ર ખેતરમાં બીયારણ વાવેતર કરવાની કામગીરી નથી, પરંતુ આખા વર્ષના ભવિષ્યનું આયોજન છે. ખેડૂત જ્યારે જમીનમાં એક બીજ વાવે છે ત્યારે તે માત્ર પાક જ નથી ઉગાડતો, પરંતુ પોતાના પરિવારના સુખ, બાળકોના ભવિષ્ય, કરજમુક્તિની આશા અને સમૃધ્ધિના સપનાઓ પણ વાવે છે.

વાવણી લાયક વરસાદ પડતા જ પહેલાના સમયમાં ખેડૂતો પોતાના જીવથી વહલા બળદોને સવારે બળદગાડું જોડતા સાથે માથે ચાંદલો કરી ગોળથી મોઢા મીઠા કરાવી ફળીયામાં મગનો સાથીઓ પૂરી ખુશીઓથી ખેતર તરફ પ્રયાણ કરે છે. ખેતરમાં જઈને સાથીયો સોપારી મૂકીને વાવણીનું મુહૂર્ત કરે છે. ખેડૂત માટે વાવણીનું મહત્વ એટલું વિશાળ છે કે આખા વર્ષની કમાણી અને પરિવારનું ભવિષ્ય તેના પર આધારિત હોય છે. જો સમયસર વરસાદ પડે, યોગ્ય સમયે વાવણી થાય અને પ્રકૃતિ સાથ આપે તો ખેડૂતના ઘરમાં ખુશીઓ આવે છે. પરંતુ જો વરસાદ મોડો પડે, ઓછો પડે કે વધુ વરસી જાય તો આખા વર્ષની મહેનત જોખમમાં મુકાઈ જાય છે.

વાવણીનું સૌથી મોટું મહત્વ એ છે કે તે દેશની ખાદ્ય સુરક્ષાનો પાયો છે. ખેતરમાં વાવાયેલું દરેક બીજ દેશના કરોડો લોકોના ભોજન સાથે જોડાયેલું છે. જો ખેડૂત વાવણી ન કરે તો અનાજ ક્યાંથી આવશે? શાકભાજી, દાળ, કપાસ, તેલીબિયાં અને અન્ય પાક ક્યાંથી મળશે? તેથી વાવણી માત્ર ખેડૂતનો વિષય નથી, પરંતુ સમગ્ર દેશના જીવનનો આધાર છે.

વાવણી ગ્રામ્ય અર્થતંત્રને પણ નવી ગતિ આપે છે. બિયારણ વેચનાર, ખાતરના વેપારીઓ, કૃષિ મજૂરો, ટ્રેક્ટર માલિકો, દુકાનદારો અને નાના મોટા વેપારીઓ સુધી દરેકના જીવનમાં વાવણીથી રોજગારી અને આવક આવે છે. એટલે કહી શકાય કે વાવણી ગામડાની અર્થવ્યવસ્થાનો ધબકાર છે.

વાવણી આપણને જીવનનો એક મહાન પાઠ પણ શીખવે છે. ખેડૂત આજે બીજ વાવે છે, પરંતુ તેનું ફળ તેને મહિનાઓ પછી મળે છે. તે ધીરજ રાખે છે, પ્રકૃતિ પર વિશ્વાસ રાખે છે અને સતત મહેનત કરે છે. જીવનમાં સફળતા મેળવવા માટે પણ આ જ ગુણોની જરૂર પડે છે.



**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**

વરસાદ અને વાવણીનો સંબંધ અતૂટ છે. સમયસરનો વરસાદ ખેડૂત માટે ઈશ્વરના આશીર્વાદ સમાન છે. વરસાદના દરેક ટીપામાં ખેડૂતનું ભવિષ્ય, તેના પરિવારની ખુશી અને દેશની સમૃધ્ધિ છુપાયેલી હોય છે. તેથી ખેડૂતની નજર હંમેશા આકાશ તરફ હોય છે.

આજે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો યુગ છે, છતાં વરસાદનું મહત્વ ઓછું થયું નથી. કારણ કે પ્રકૃતિની કૃપા વિના ખેતી અને ખેડૂત બંને અધૂરા છે.

ખેડૂત જ્યારે ખેતરમાં બીજ વાવે છે ત્યારે તે માત્ર અનાજ નથી વાવતો, પરંતુ આશા, વિશ્વાસ, મહેનત અને સમૃધ્ધિનું ભવિષ્ય વાવે છે. વાવણી એ ખેડૂત માટે માત્ર ખેતીની શરૂઆત નથી, પરંતુ જીવનના નવા સપનાઓને સાકાર કરવાની પ્રથમ સીડી છે.

"વાવણીનો દરેક દાણો માત્ર બીજ નથી, પરંતુ તેમાં ખેડૂતનું પરિશ્રમ, પરિવારની આશા અને દેશના ભવિષ્યની સમૃધ્ધિ સમાયેલી છે. વરસાદના દરેક ટીપા સાથે ખેડૂતના સપનાઓ અંકુરિત થાય છે અને વાવણીથી જ દેશના સુખ અને સમૃધ્ધિનો પાયો મજબૂત બને છે."પરંતુ આજે સમય બદલાયો બળદ ની જગ્યાએ મીની ટ્રેક્ટર, ટ્રેક્ટર અને સનેડા આવ્યા પણ વાવણીની પહેલી મુઠ્ઠી એટલે ખેડૂતોની અપેક્ષા અને આશાની મુઠી."

# સાચું શું ને ખોટું શું ? આ બેમાં મોટું શું ?




"સત્ય ક્યારેય સાબિત કરવાની ઉતાવળ કરતું નથી, કારણ કે તેને ખબર હોય છે કે સમય પોતે જ તેનો સૌથી મોટો સાક્ષી છે."

જીવનમાં સૌથી વધુ પૂછાતો પ્રશ્ન જો કોઈ હોય તો તે છે-સાચું શું અને ખોટું શું? બાળપણથી આપણે સાંભળતા આવ્યા છીએ કે સાચું બોલવું, સાચું કરવું અને સાચા માર્ગે ચાલવું જોઈએ. પરંતુ જેમ જેમ જીવન આગળ વધે છે તેમ સમજાય છે કે સાચું અને ખોટું ઓળખવું એટલું સહેલું નથી.

ઘણી વખત ખોટું સત્યના વસ્ત્રો પહેરીને આવે છે અને સાચું સંઘર્ષના વસ્ત્રોમાં. ખોટું તરત જ લાભ અપાવે છે, જ્યારે સાચું ધીરજની માંગ કરે છે. એટલા માટે ઘણા લોકો રસ્તો નહીં, પરિણામ જુએ છે. પરંતુ જીવનનું સૌંદર્ય પરિણામમાં નહીં, માર્ગમાં છુપાયેલું છે. આજના સમયમાં ઘણા લોકો સફળતાને જ સાચું માને છે. પૈસા હોય, પદ હોય, પ્રસિધ્ધિ હોય તો માણસ સફળ ગણાય છે. પરંતુ પ્રશ્ન એ છે કે જો આ બધું મેળવવા માટે ખોટાનો સહારો લેવાયો હોય તો શું એ સફળતા સાચી કહેવાય? ઈતિહાસમાં અનેક એવા લોકો થયા છે જેમણે સત્ય માટે બધું ગુમાવ્યું, પરંતુ પોતાનું ચારિત્ર્ય બચાવ્યું. બીજી તરફ ઘણા એવા પણ થયા જેમણે ખોટાના આધારે સામ્રાજ્ય ઊભું કર્યું, પરંતુ સમયની ધૂળમાં વિસરાઈ ગયા. સમય હંમેશા સત્યનો સાથી રહ્યો છે.એક વખત એક રાજાએ પોતાના દરબારીઓને એક પ્રશ્ન પૂછ્યો: "જો તમને કોઈ ન જુએ અને કરોડો રૂપિયાનો ખજાનો મળી જાય તો તમે શું કરશો?" ઘણા લોકોએ અલગ-અલગ જવાબ આપ્યા. એક વૃધ્ધ વિદ્વાને કહ્યું;મહારાજ "દુનિયા ન જુએ તો ચાલે, પરંતુ મારો અંતરાત્મા તો મને જોઈ રહયો છે." રાજાએ તરત જ કહ્યું, "જે માણસ પોતાના અંતરાત્માથી ડરે છે, તેને દુનિયાના કોઈ કાયદા થી ડરાવવાની જરૂર નથી."

આજના સમયમાં સફળતાનું માપદંડ ઘણીવાર પૈસા, પદ અને પ્રસિધ્ધિ બની ગયું છે. પરંતુ જો આ બધું ખોટાના પાયા પર ઊભું હોય તો તે રેતી પર બાંધેલા મહેલ જેવું છે. એક દિવસ તે તૂટી જ જવાનું છે. એક શિક્ષક દર વર્ષે પોતાના વિદ્યાર્થીઓને એક જ વાત કહેતા:" પરીક્ષામાં નકલ કરીને મેળવેલા ગુણ કદાચ માર્કશીટમાં દેખાશે, પરંતુ જીવનની પરીક્ષામાં તે ક્યારેય કામ નહીં આવે." વર્ષો પછી તેમના વિદ્યાર્થીઓ જીવનના વિવિધ ક્ષેત્રોમાં સફળ થયા. તેઓ કહેતા કે શિક્ષકે અમને ભણાવેલા વિષયો કરતાં સચ્ચાઈનું મૂલ્ય વધારે શીખવ્યું.

આપણે ઘણીવાર વિચારીએ છીએ કે સાચું મોટું કે ખોટું? પરંતુ હકીકતમાં સૌથી મોટું ચારિત્ર્ય છે. કારણ કે ચારિત્ર્ય હોય તો માણસ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સાચા માર્ગ પરથી ભટકતો નથી. મહાત્મા ગાંધીનું જીવન તેનું ઉત્તમ ઉદાહરણ છે.



**મનન ચિંતન**
**ભરત બાવીશી**

તેમની પાસે ન સૈન્ય હતું, ન સંપત્તિ, ન સત્તા. છતાં તેઓ આખા વિશ્વમાં પૂજાય છે, કારણ કે તેમની સૌથી મોટી તાકાત સત્ય અને ચારિત્ર્ય હતી.

જીવનમાં બે પ્રકારના લોકો મળે છે. એક એવા કે જેઓ સાચું બોલે છે કારણ કે તેમને ડર છે. બીજા એવા કે જેઓ સાચું બોલે છે કારણ કે તે તેમનો સ્વભાવ છે. પહેલો માણસ પરિસ્થિતિ બદલાય ત્યારે બદલાઈ જાય છે, જ્યારે બીજો માણસ સમય બદલાય તો પણ બદલાતો નથી.

જ્યારે પણ કોઈ નિર્ણય લેવો હોય ત્યારે ત્રણ પ્રશ્ન પોતાને પૂછવા જોઈએ: શું આ કામથી કોઈનું અહિત તો નથી થતું? શું

આ નિર્ણય પછી હું નિરાંતે ઊંઘી શકીશ? જો મારા સંતાન મારા આ કાર્યનું અનુસરણ કરે તો મને ગર્વ થશે? જો ત્રણેય

પ્રશ્નોના જવાબ "હા" હોય તો સમજવું કે રસ્તો સાચો છે.

સાચું બોલવાથી ક્યારેક સંબંધો તૂટે, નોકરી જાય, નુકસાન થાય કે એકલતા મળે. પરંતુ ખોટું બોલવાથી માણસ પોતાના જ આત્મસન્માનથી દૂર થઈ જાય છે. દુનિયાની સામે જીતનાર પણ જો પોતાની નજરમાં હારી જાય તો એ જીતનો કોઈ અર્થ રહેતો નથી. સાચું હંમેશા બહુમતીમાં હોય એવું નથી. ઘણી વખત આખી દુનિયા એક તરફ હોય અને સત્ય એકલું ઊભું હોય. પરંતુ સત્યને ભીડની જરૂર પડતી નથી. સૂર્યને પ્રકાશ માટે દીવાની જરૂર નથી પડતી.આ પ્રસંગ આપણને શીખવે છે કે સાચું અને ખોટું નક્કી કરનાર સૌથી મોટો ન્યાયાધીશ આપણો અંતરાત્મા છે. જીવનમાં કમાણી કરતાં કમાયેલો વિશ્વાસ મોટો છે. હોશિયારી કરતાં પ્રામાણિકતા મોટી છે. જીત કરતાં યોગ્ય રીતે જીતવું મોટું છે. અને એ જ કારણ છે કે સાચું અને

ખોટું વચ્ચે સૌથી મોટું સ્થાન ચારિત્ર્યનું છે.

અંતે સમય જતા લોકો એ યાદ રાખતા નથી કે આપણે કેટલા ધનિક હતા. લોકો એ યાદ રાખે છે કે આપણે કેટલા સાચા હતા. પૈસા વારસામાં મળી શકે છે, પરંતુ વિશ્વાસ અને ચારિત્ર્ય તો જીવનભરની કમાણી છે. સંપત્તિથી મોટું સત્ય છે, અને સત્યથી પણ મોટું છે તેને જીવવાનું સાહસ.

સાચું અને ખોટું એ બે રસ્તા છે. ખોટાનો રસ્તો ટૂંકો છે, પરંતુ અંત અંધકારમય છે. સાચાનો રસ્તો લાંબો છે, પરંતુ અંતે પ્રકાશ જ પ્રકાશ છે. આથી, પ્રશ્ન એ નથી કે સાચું શું અને ખોટું શું? પ્રશ્ન એ છે કે જ્યારે બંને રસ્તા સામે હોય ત્યારે આપણે કયો રસ્તો પસંદ કરીએ છીએ? કારણ કે એ જ પસંદગી આપણું ભવિષ્ય અને આપણું વ્યક્તિત્વ ઘડે છે.

**"સત્યને સાથી બનાવો, સમય તમારો સાથી બની જશે.**
**ખોટાથી મેળવેલી જીત ક્ષણિક હોય છે, સત્યથી મેળવેલું માન જીવનભર ટકે છે.**
**દુનિયાની નજરમાં નહીં, પોતાના અંતરાત્માની નજરમાં મોટા બનો; કારણ કે એ જ જીવનની સૌથી મોટી જીત છે."**

## :: તિખારો ::

**સમય, વિશ્વાસ અને લાગણી જેને આપી હોય, એ જ વ્યક્તિ દગો આપે તો ઘા હૃદય પર લાગે છે, પણ એ જ ઘા જીવનનો સૌથી મોટો પાઠ પણ શીખવે છે કે હવે છેતરાતા નહીં**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતિ કાર્યો




ચોમાસું થોડું અનિયમિત રહેવાની શક્યતા રહેશે. મોડું વાવેતર કરવાનું થાય તો લાંબા ગાળાના પાકોનું વાવેતર કરવું નહિ. જો પાણીની સગવડતા હોય તો જ અર્ધવેલાડી જાતોનું વાવેતર કરવું.પાછતરું પીયત આપી શકાય તેમણે એરંડા કે તુવેર જેવા આંતર પાક લેવા જોઈએ. અથવા મિશ્ર પાકો જેવાકે કઠોળ જેવા પાકોનું વાવેતર કરવું.

**ચોમાસુ મગફળી :** બીજને પટ્ટ આપવા માટે પ્રથમ ફૂગનાશક પછી જંતુનાશક અને છેલ્લે જૈવિક દવાનો પટ્ટ આપનો. દરિયાઈ વનસ્પતિ પ્રવાહી ખાતર ૩.૫% નો છંટકાવ વાવણી પછી ૧૫, ૩૦ અને ૪૫ દિવસે કરવો. આંતરખેડ કરી નિંદામણ મુક્ત રાખવો. જ્યારે મજૂરોની અછત હોય ત્યારે પાક વાવ્યા બાદ તુરંત સ્ફુરણ પહેલા પેન્ડીમીથાલીન અને મગફળી ૨૦ દિવસની થાય ત્યારે ક્વીઝાલોફોપ ઈથાઈલ અથવા ઈમીઝેથાપાયરનો છંટકાવ કત્રવો

**સોયાબીનઃ** આ પાક તત્વોનું વધુ શોષણ કરતો પાક છે. મગફળી કે અન્ય પાક થતા હોય તો તેજ વાવવા જોઈએ. ઉગસૂકનો રોગ આ રોગ એસ્પરજીલસ નામની ફૂગથી થતો હોય છે.

**રોગની ઓળખ અને નુકશાન :** રોગને કારણે બીજનું સ્ફુરણ થયા પહેલા સડી જાય. ઉગવાની શકિત ગુમાવે. ચાસમાં ખાલા પડેલ જગ્યાએથી ખોલતાં કાળા ફૂગના બીજાણુંથી છવાયેલ બીજ મળે તેને ઉગાવાનો પ્રથમ સડો કહેવાય. રોગ અંકુર નીકળી ગયા બાદ લાગે તો ફૂગ બીજપત્ર પર દેખાય અને આખો છોડ સુકાઈ જાય. આ રોગ છોડ ૧ થી ૧ ૧/૨ માસનો થાય ત્યાં સુધી દેખાય. થડ પર ચાઠા પડી અને સડી જાય. (ડી. એ.પીઃ૧૧૦ કી.ગ્રા./ હેક્ટર, એમ.ઓ. પી ૨૫૦ કીગ્રા/ હેક્ટર, એ.એસ.૩૪૪ કીગ્રા હેક્ટર અને યુરીયા ૩૬૦ કી.ગ્રા)

ફળપાકની જાત, રોપણી અને રોપણી બાદનીકાળજીઓ

વરસાદ થાય પછી જ બાગાયતી પાકોનું વાવેતર કરવું,

● ભલામણ મુજબની જ જાત અપનાવી.

● વરસાદ થયેથી ભલામણ મુજબના ખાતરો આપીદેવા.

● મૂળકાંડ ઉપરથીફૂટેલ નવી કુંપળો દુર કરવી.

● વૃધ્ધિ પામતા કલમ રોપને યોગ્ય આકારઆપવા માટે જરૂરી છાંટણી કરવી.

● દેશી ખાતરની અવેજીમાં લીલો પડવાશ કરીશકાય.

● ફળ પાકના વાવેતર માટે ચોમાસાની ઋતુ ઉત્તમ છે. અને સારો વરસાદ થયાબાદ રોપણી કરવી.

● કલમને મજબુત ટેકો આપવો તથા પવન અને ગરમતાપના રક્ષણ માટે વાડોલીયુ બનાવવું.

● વરસાદ ખેંચાય ત્યારે ૮ થી૧૦ દિવસે પિયત આપવું.

● વરસાદ દરમ્યાન ખામણામાં પાણી ભરાઈ ન રહે તેની કાળજીલેવી.

● છોડ ફરતે સમયાંતરે ગોડ તથા નિંદામણ કરવું.

● પવન અવરોધક વાડની જાળવણી કરવીતેમજ રોગ – જીવાતસામે સમયસર પગલા લેવા.

● ઉપરોક્ત તમામ બાબતોનો રેકર્ડ નિભાવવો.

● દરેક ફળઝાડને સમયસર સેન્દ્રીય અનેરાસાયણિક ખાતરો આપવા જોઈએ. ક્યા ખાતરો કેટલા પ્રમાણમાં આપવા તે ફળપાકની જાત, ઝાડની ઉમર તથા જમીનના પ્રકાર ઉપર આધારરાખે છે. જે માટે ચોમાસામાં લીલો પડવાશ કરવો સલાહ ભરેલ છે. છાણિયું ખાતર ચોમાસા પહેલા એકજ હપ્તે આપી જમીનમાં ભેળવી દેવું. પુખ્ત વયના ફળપાકોને ૧.૫ મીટરના ઘેરાવામાં ૩૦ સેન્ટીમીટર પહોળી અને૧૫ સેન્ટીમીટર ઊંડી ચર બનાવી ચરમાં ભલામણ મુજબ ખાતરો આપવા. સામાન્ય રીતે લોહ, જસત, મેંગેનીઝ તથા બોરોનની ઉણપવાળા સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખાસ કરીને લીંબુ અને જામફળમાં આઉણપ વધુ જોવા મળે છે. જે માટે ઝાડ પર વર્ષમાં એકથીબેવારનવા પાન નીકળતા હોયત્યારે લોહ એકથી બેટકા, જસત ૦.૫ ટકા, મેંગેનીઝ ૦.૫ ટકાનો છંટકાવ કરવો હિતાવહ છે. ખાતર અંગેની તમામ બાબતોનો રેકર્ડ નિભાવવો.

કેળ જમીનમાં પૂર્તિનો મિક્ષર ગ્રેડ – ફ ૨૦ ગ્રામ પ્રતિ છોડ મુજબ આપવું અથવા જમીનમાં૪૦ ગ્રામ ફેરસ સલ્ફેટ તથા ૨૦ ગ્રામ ઝિંક સલ્ફેટ પ્રતિ છોડ આપવું.

● પાકમાં આવનાર ફૂગનું નિયંત્રણ કરો

૧. બ્યુવેરીયા બેસીયાના (સફેદ રોગકારક ફુગ)



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

આ ફુગ 'વ્હાઈટ મસ્કાર્ડીયન ફુગ' તરીકે પણ ઓળખાય છે. આ ફુગને પ્રયોગશાળામાં મોટા પાયા પર ઉછેરી શકાય છે અને તેથી વ્યાપારી ધોરણે તેનું ઉત્પાદન થઈ શકે છે. બજારમાં તે બાયોસોફ્ટ, બાયોગાર્ડ, લાર્વેસેલ, બાયોરીન, બાબા – બેઝીના, બાયોકેર, બાયોપાવડર, ડિસ્પેલ, બીયુશક્તિ, ટોકિઝનકિઝન, બેવેરોઝ, દમણ વગેરે જેવા જુદા જુદા વ્યાપારી નામે મળે છે. આ ફુગ પાકને નુકસાન કરતી ચુસિયા પ્રકારની જીવાતો અને ઈયળોનું નિયંત્રણ કરે છે. આ ફુગ પાન વાળનાર, ઈયળ, ગાભમારાની ઈયળ, શેરડીના ફુદફુદીયા, મગફળીના સદેફ મુંડા, નાળિયેરીનું ગેંડા કીટક, હિરાફૂદાંની ઈયળ, કપાસની ગુલાબી ઈયળ, તમાકુ અને સૂર્યમુખીના પાન ખાનાર ઈયળ વગેરેનુ નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લી. દીઠ ઓછામાં ઓછા ૨ x ૧૦૮ જેટલા સ્પોર હોવા જરૂરી છે. આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લી. પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવાથી જીવાતનું નિયંત્રણ મેળવી શકાય છે.

૨. વર્ટીસીલીયમ લેકાની

આ ફુગ જીવાતના શરીરમાં ખોરાક સાથે અથવા શરીરના સીધા સંપર્ક દ્વારા પ્રવેશ મેળવી, યજમાનની દેહગૃહામાં બીજાણું તેમજ ઝેરી દ્રવ્યો ઉત્પન્ન કરે છે અને ચારથી પાંચ દિવસમાં જીવાત મૃત્યુ પામે છે. આ ફુગ મુખ્યત્વે મોલો – મશી, સફેદમાખી, થ્રીપ્સ, ચીકટો, ભીંગળાવાળી જીવાત અને અન્ય ચુસીયા પ્રકારની જીવાતોનું નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લી. દીઠ ઓછામાં ઓછા ૨ x ૧૦૮ જેટલા સ્પોર હોવા જોઈએ. સામાન્ય રીતે આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લી. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.

૩. મેટારીઝીયમ એનીસોપ્લી (લીલી રોગકારક ફુગ)

● આ ફુગ જીવાતના શરીરમાં પ્રવેશ મેળવી ડીસ્ટ્રકસીન નામનું ઝેર ઉત્પન્ન કરે છે જે ઘણા પ્રકારની જીવાતના નિયંત્રણમાં અગત્યનો ભાગ ભજવે છે. યજમાન શરીર પર લીલા રંગની ફુગનો ઉગાવો જોવા મળે છે અને આ રોગ પામેલ જીવાત અન્ય જીવાતના સંપર્કમાં આવતા તેને પણ રોગ થાય છે. આ જાતિની ફુગને પ્રયોગશાળામાં ઉછેરી શકાય છે અને તેથી વ્યાપારી ધોરણે તેનું ઉત્પાદન થાય છે. બજારમાં તે મેટાસોફ્ટ, બાયોમેટ, બાયોસ્ટોર્મ, બ્રિગેડ – એમ, બાયોમેજીક, મેટાકેર, કાલીચક્ર, બાયોકીંગ વગેરે વ્યાપારી નામે મળે છે. આ પ્રકારની ફુગ મગફળીના પાન ખાનાર ઈયળ, નાળિયેરીના ગેંડા કીટક, ચોખાના બદામી ચુસીયા, શેરડીના વેધકો, હીરાફુદાંની ઈયળ, ચુસીયા પ્રકારની જીવાત વગેરેનું નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લી. દીઠ ઓછામાં ઓછા ૨ x ૧૦૮ જેટલા સ્પોર હોવા જોઈએ. આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લી. ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.

● યુરીયા ખાતરની ક્ષામતા વધારવા માટે એક થેલી (૫૦ કિલો ગ્રામ) યુરીયામાં સલ્ફર યુકત પાવડર ૧-૨ કિલો ગ્રામ કે એરંડીનો ખોળ પાંચ કિલો પટ આપવાથી યુરીયાનો વ્યય અટકાવી શકાય છે. સામાન્ય રીતે યુરીયા ખાતર વાપરવાથી ૩૦ થી ૪૦ ટકા નુકશાન જતુ હોય છે.

● સેન્દ્રિય ખાતર નાખવાથી જમીનની ફળદ્રુપતા તથા રાસાયણિક ખાતરો તથા સુક્ષમ જીવાણુ ખાતરોની ક્ષામતામાં વધારો થાય છે, અને છોડને મુખ્ય અને ગૌણ તત્વો ધીમે ધીમે અને લાંબા સમય સુધી મળે છે.

● વિષાણુજન્ય રોગનો ફેલાવો ચૂસિયાં પ્રકારની જીવાતો (સફેદમાખી, મોલો, તડતડીયાં, થ્રિપ્સ)થી થતો હોય જે તે પાકમાં યોગ્ય ભલામણ કરેલ શોષક પ્રકારના કીટનાશક (ડાયમીથોએટ, ફોસ્ફામીડોન, ઈમીડાકલોપ્રીડ, થાયોમેથોકઝામ, કલોથીયાનીડીન, એસીફેટ, એસીટામીપ્રીડ, ફલોનીકામીડ)નો જરૂર મુજબ છંટકાવ કરવો.

**કપાસમાં રાસાયણિક ખાતર ક્યારે, કેટલું અને કેવી રીતે આપવું**

| ક્રમ | ખાતરનું નામ | ડીએપી કિ/હે | પોટાશ કિ/હે | અમો. સલ્ફેટ કિ/હે. | યુરીયા કિ/હે | યુરીયા કિ/હે | યુરીયા કિ/હે |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાયાનું ખાતર | ૫૫ | ૧૨૫ | - | - | - | - |
| ૨ | પાળા ચડાવતી વખતે | ૫૫ | ૧૨૫ | - | - | - | - |
| ૩ | પ્રથમ હપ્તો વાવેતર બાદ ત્રીજા અઠવાડિયે | - | - | ૨૭૫ | - | - | - |
| ૪ | બીજો હપ્તો - પ્રથમ હપ્તા બાદ ત્રીજા અઠવાડીયે | - | - | - | ૧૨૦ | - | - |
| ૫ | ત્રીજો હપ્તો - બીજા હપ્તા બાદ ત્રીજા અઠવાડીયે | - | - | - | - | ૧૨૦ | - |
| ૬ | ચોથો હપ્તો - ત્રીજા હપ્તા બાદ ત્રીજા અઠવાડીયે | - | - | - | - | - | ૧૨૦ |
| | કુલ | | ૧૧૦ | ૨૫૦ | ૨૭૫ | - | ૩૬૦ |

# મગફળી નિકાસમાં અડચણરૂપ આફલાટોક્સિન : કારણો, અસર અને સંકલિત વ્યવસ્થાપન



આફલાટોક્સિન પ્રત્યેની ઉદાસીનતાનાં કારણોઃ- ભારતમાં ખેડૂતો, વેપારીઓ તેમજ ગ્રાહકોમાં આફલાટોક્સિનની સમસ્યા અને તેના નુકસાનકારક પ્રભાવ અંગે પૂરતી જાગૃતિ જોવા મળતી નથી. તેના મુખ્ય કારણો નીચે મુજબ છે.

● ચોક્કસ દ્રશ્યમાન લક્ષણોનો અભાવઃમગફળીના દાણા અથવા શીંગની સપાટી પર ફૂગનો સ્પષ્ટ વિકાસ ન થાય ત્યાં સુધી આફલાટોક્સિનની હાજરી નરી આંખે ઓળખી શકાતી નથી. તેથી દૂષિત પેદાશ ઘણીવાર સામાન્ય અને સારી ગુણવત્તાની જણાય છે.

● ઉત્પાદનમાં સીધું નુકસાન ઓછુંઃ આફલાટોક્સિનના સંક્રમણથી સામાન્ય રીતે પાકની ઉપજમાં નોંધપાત્ર ઘટાડો થતો નથી. પરિણામે ખેડૂતોને તેની અસરનો તાત્કાલિક અનુભવ થતો નથી અને સમસ્યાની ગંભીરતા પ્રત્યે પૂરતું ધ્યાન અપાતું નથી.

● તેલ ઉત્પાદન સાથે સંકળાયેલી માન્યતાઃભારતમાં મગફળીનો મુખ્ય ઉપયોગ ખાદ્ય તેલના ઉત્પાદન માટે થાય છે. તેલ નિષ્કર્ષણ અને શુધ્ધિકરણની વિવિધ પ્રક્રિયાથી તૈયાર થતું હોવાથી આફલાટોક્સિન તેલમાં જતું નથી, જેના કારણે તેલની ગુણવત્તા પર તેની સીધી અસર ઓછી જોવા મળે છે. પરિણામે મગફળીમાં રહેલા આફલાટોક્સિનના જોખમને ઘણીવાર અવગણવામાં આવે છે.

તેમ છતાં, નિકાસલક્ષી મગફળી, મગફળી આધારિત ખાદ્ય પદાર્થો અને પશુઆહારમાં આફલાટોક્સિનની હાજરી ગંભીર આરોગ્ય અને વેપાર સંબંધિત પડકારો ઊભા કરી શકે છે. તેથી ખેડૂતો અને વેપારીઓમાં આ અંગે જાગૃતિ વધારવી અને યોગ્ય વ્યવસ્થાપન અપનાવવું અત્યંત જરૂરી છે.

આફ્લાટોકિસન ઉત્પન્ન થવાનાસંભવિત કારણો મગફળીના ડોડવા જમીનની અંદર વિકસતા હોવાથી તે આફલાટોક્સિન ઉત્પન્ન કરતી ફૂગના સંક્રમણ માટે સંવેદનશીલ બને છે. સામન્ય રીતે આફ્લાટોકિસન ઉત્પન્ન કરવા માટે જવાબદાર ફૂગ દરેક પ્રકારની જમીનમાં જોવા મળે છે. જે જમીનમાં પડેલ મૃત પાકના અવશેષો (કાર્બનિકપદાર્થો) પર વિકાસ પામે છે, પરંતુ અનુકૂળ પરિસ્થિતિઓમાં તે મગફળીના ડોડવા અને દાણામાં પ્રવેશ કરીને આફલાટોક્સિન ઉત્પન્ન કરે છે. આસંક્રમણ માટેના મુખ્યસંભવિત કારણો નીચે મુજબ છેઃ

● રોગો અને ફૂગ સામે ઓછી પ્રતિકારક શક્તિ ધરાવતી જાતોનો વાવેતરમાં વધુ ઉપયોગ.

● ચેપ ગ્રસ્તબિયારણનો વાવેતર માટે ઉપયોગ. ચેપ ગ્રસ્ત દાણાની અંકુરણ ક્ષમતા સામાન્ય રીતે ઓછી હોય છે અને ઘણા દાણા જમીનમાં જ સડી જાય છે. આવા ચેપગ્રસ્ત બિયારણનો વાવેતર માટે ઉપયોગ કરવામાં આવે તો તેમાંથી નબળા અને અસ્વસ્થ છોડ વિકસે છે, જે ઘણીવાર 'અફ્લારોટ' રોગનો ભોગ બને છે. આવા છોડનો વિકાસ રૂંધાઈ જાય છે, છોડ ઠિંગણા રહી જાય છે અને પાંદડાં નાના તેમજ અણીદાર ટોચવાળા દેખાય છે. વધુમાં, આવા છોડમાં ફૂલ અને શીંગોની રચના યોગ્ય રીતે થતી નથી, જેના કારણે ઉત્પાદન ક્ષમતામાં નોંધપાત્ર ઘટાડો થાય છે. 'અફ્લારોટ'થી પીડિત છોડ અને ચેપગ્રસ્ત દાણામાં ફૂગનું સંક્રમણ વધુ ઝડપથી ફેલાય છે, જેનાથી આફલાટોક્સિનનું પ્રમાણ વધવાની સંભાવના રહે છે. (ક્રમશઃ)

ડો. ચિરાગકુમાર. એમ. ભાલીયા અને ઉર્જાભીમાણી
વરિષ્ઠ વૈજ્ઞાનિક (વનસ્પતિ રોગશાસ્ત્ર)
૪૧૧, ત્રીજો માળ, પાકસંરક્ષણ વિભાગ, આઈ.સી.એ.આર.- ભારતીય મગફળી સંશોધન સંસ્થા, ઇવનગર રોડ
જુનાગઢ-૩૬૨ ૦૧૫
મોઃ ૯૧૦૬૭ ૭૩૮૦૬

# ખેડૂતમિત્રો માટે ખાતરોની અછત અથવા ઓછા ઉપયોગમાં વધુ કાર્યક્ષમતા મેળવવા માટેનું સચોટ માર્ગદર્શન

ભારતમાં રાસાયણિક ખાતરોના ભાવ સતત વધતા જઈ રહ્યા છે અને તેમાંના ઘણા ખાતરો સરકાર દ્વારા વિદેશમાંથી આયાત કરવામાં આવે છે, તેથી દેશના આર્થિક ભારણમાં વધારો થાય છે અને વિદેશી ચલણ પર પણ અસર પડે છે. ભલામણ કરતા વધુ પડતા અને અયોગ્ય ખાતર ઉપયોગથી જમીનની ફળદ્રુપતા, પર્યાવરણઅને માનવ આરોગ્ય પર પણ નકારાત્મક અસર જોવા મળી રહી છે.હાલ જમીન પરીક્ષણ આધારિત ખાતર ઉપયોગ, રાઈઝોબિયમ, અજોટોબેક્ટર જેવા જૈવિક ખાતરો, ગાય આધારિત ઉત્પાદનો તથા એકીકૃત પોષણ વ્યવસ્થાપન (INM) અપનાવવું જરૂરી બન્યું છે.



આ માટે ના જરૂરી નીચે મુજબના મુદાઓ ખેડૂતમિત્રોએ ધ્યાનમાં લેવા જોઈએ.

૧. સ્થાનિક અને ઓછી ખાતર માંગતી તેમજ વધુ ઉત્પાદન આપતી પાકની જાતો પસંદ કરવી. આ માટે જરૂર જણાતા કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકોની ભલામણ મુજબ જમીન અને વાતાવરણ ને ધ્યાને લઈ ભલામણ મુજબની પાકનીજાતનું વાવેતર અને ખાતર વ્યવસ્થાપન કરવું.

૨. વાવણી કરતાપહેલાં જમીન અને પાણીનીલેબોરેટરી તપાસ કરાવી ભલામણ મુજબ ખાતર આપવું.જમીનની યોગ્ય pH જાળવવાથી ખાતરના પોષક તત્વોની ઉપલબ્ધતા વધે છે.

૩. ગુજરાતની જમીનમાં સામાન્ય રીતે પોટાશ પૂરતું હોય છે, છતાં જમીન પરીક્ષણ મુજબ જ તેનો ઉપયોગ કરવો, તેમજ યુરિયા અને અન્ય ખાતરો ભેળવીને આપતા પહેલાં તેની સુસંગતતા અને યોગ્ય પ્રમાણની તપાસ કરવી જેથી ખાતરનો બગાડ અટકાવી શકાય.

૪. એકીકૃત પોષણ વ્યવસ્થાપન (INM – Integrated Nutrient Management) અપનાવવી.યુરિયાની કાર્યક્ષમતા વધારવા માટે તેને લીંબોડી, મહુડા અથવા કરંજના ખોળ સાથે મિશ્રિત કરવું. એક ભાગ યુરિયા સાથે પાંચ ભાગ માટી ભેળવી ૨-૩ દિવસ રાખ્યા બાદ જમીનમાં આપવું. સારા કોહવાયેલ છાણીયા તેમજ અળસીયાના ખાતરનો ઉપયોગ કરવો.

ડો. જે. એસ. પરસાણા, ડો. શિવાની આર. પટેલ અને ડો. ડી. એસ. હિરપરા
મુખ્ય સુકી ખેતી સંશોધન કેન્દ્ર, તરઘડીયા, રાજકોટ

૫. ભાસ્મિક અને ખારી ભાસ્મિક જમીનમાં ડી.એ.પી. ખાતર લાભદાયક રહે છે, તેમજ ભાસ્મિક જમીનમાં સજીવ પદાર્થ ઓછો હોવાથી ભલામણ કરતાં થોડું વધારે નાઈટ્રોજન આપવું. ભાસ્મિક અથવા ખારી ભાસ્મિક જમીનમાં ખાતર આપતા પહેલાં જરૂરી પ્રમાણમાં જીપ્સમનો ઉપયોગ કરવો.

૬. હલકી અને છીછરી જમીનમાં યુરિયા પિયત પછીજ આપવું અને જો જમીનમાં પાણી ભરાયેલ રેહતું હોય તો પાણી કાઢીને યુરિયા ભેળવવું અને ત્યારબાદ ૪૮કલાક પછી પાણી આપવું.

૭. ટપક સિંચાઈ (Drip Irrigation) સાથે ખાતર આપવાથી ખાતરનો બચાવ થાય છે અને કાર્યક્ષમતા વધે છે, ખાતરોને ભાગોમાં (Split Dose) આપવાથી પોષક તત્વોની નુકશાની ઓછી થાય છે. આ ઉપરાંત ધીમે-ધીમે પોષક તત્વો છોડાતા ખાતરો (Slow Release Fertilizers) નો ઉપયોગ કરવો.સુક્ષ્મ પોષક તત્વોની ઉણપ સમયસર ઓળખી પૂરક ખાતર આપવું તેમજ ફોલિયર સ્પ્રે દ્વારા સૂક્ષ્મ પોષક તત્વો આપવાથી ઓછી માત્રામાં વધુ લાભ મળે છે.

૮. જૈવિક ખાતરો જેવા કે રાઈઝોબિયમ, અજોટોબેક્ટર, પીએસબી, કેએસબી વગેરેનો ઉપયોગ વધારવો.

૯. પાક ફેરબદલી (Crop Rotation) અપનાવી જમીનની ફળદ્રુપતા જાળવવી.

૧૦. પ્રકૃતિક ખેતી પધ્ધતિ કે જે ઓછા ખેર્ચે જમીનસજીવતા વધારી, વાતાવરણ સુધારી અને ખેડૂતમિત્રોને આર્થીક તેમજ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વધુ લાભદાયી હોય, આપણા રાજ્યમાં હાલના ગર્વનરશ્રી દ્વારા અથાગ પ્રયત્નો અને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. પ્રકૃતિક ખેતી પધ્ધતિથી ઓછા ખર્ચે ટકાઉ (સસ્ટેનેબલ અગ્રીકલ્ચર) અને વાતાવરણ ફેરફાર સામે આબોહવા સ્થિતિસ્થાપક (કલાઈમેટ રેઝીલીયન્ટ) ખેતી શક્ય બને છે. પ્રકૃતિક ખેતી પધ્ધતિઓ અપનાવી રાસાયણિક ખાતરો પર નિર્ભરતા ઘટાડી, જમીન તેમજ વાતાવરણને પ્રદુષણ મુક્ત રાખી તેની તાસીર સુધારવી.

૧૧. લીલા પડવાશ પાકો જેવા કે સનહેમ્પ, ઢેંચા વગેરે ઉગાડી જમીનમાં સજીવ તત્વ વધારવા.પાક અવશેષોને જમીનમાં જ સમાવી સજીવ પદાર્થનું પ્રમાણ વધારવું. જમીનની ભેજ અનુસાર જ ખાતર આપવું જેથી પોષક તત્વો સરળતાથી ઉપલબ્ધ થાય.ખાતર યોગ્ય ઊંડાઈએ અને મૂળ પાસે આપવું જેથી વધુ શોષણ થાય અને વરસાદ પહેલા ખાતર ન આપવું જેથી ધોવાણથી નુકસાન ન થાય.

૧૨. દેશી ગાય આધારિત પ્રકૃતિક ખેતી અપનાવી જમીનની જીવંતતા વધારવી. જીવામૃત, ઘન જીવામૃત અને બીજામૃત જેવા કુદરતી ખેતીના ઈનપુટનો ઉપયોગ કરવા જે અંગે માર્ગ્દર્શન કૃષિ યુનિવર્સીટી તેમજ તેના સંશોધન કેન્દ્રોની મુલાકાત લઈ વિવિધ મોડલ અપનાવી શકાય.

૧૩. કેમિકલ જંતુનાશકનો ઉપયોગ ન કરતાદશપર્ણી અર્ક, નીમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, શુઠાસ્ત્ર, ખાટી છાસ જેવા કુદરતી દ્રાવણોથી જીવાત નિયંત્રણ કરવું.

૧૪. આચ્છાદન (Mulching) અને વાપસા પદ્ધતિ અપનાવી જમીનમાં ભેજ જાળવવી અને ખાતરની જરૂરિયાત ઘટાડવી.

૧૫. પ્રકૃતિક ખેતી દ્વારા જમીનની કાર્બન માત્રા વધારી લાંબા ગાળે ખાતરની જરૂરિયાત ઘટાડવી.કાર્બન સંગ્રહ (Carbon Sequestration) વધારવા સજીવ પદાર્થનું પ્રમાણ વધારવું.

૧૬. પાક અવશેષ બાળવાની બદલે જમીનમાં જ ભેળવી જમીનની ઉર્વરતા વધારવી.

૧૭. વર્મી કમ્પોસ્ટ અને નાડેપ કમ્પોસ્ટનો વધુ ઉપયોગ કરવોઅને વરસાદી પાણીનો સંચય (Rain Water Harvesting) કરવો.

## રાજ્યમંત્રી કૌશિક વેકરીયા અને સાંસદ ભરત સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં નાગરિકોએ કર્યો સામૂહિક યોગાભ્યાસ

# અમરેલી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી

અમરેલી, ૨૧

સમગ્ર વિશ્વની સાથે અમરેલી જિલ્લામાં પણ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અમરેલી શહેર ખાતે ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ વર્ષે "યોગા ફોર હેલ્ધી એજિંગ" (સ્વસ્થ વૃધ્ધાવસ્થા માટે યોગ)ના સંકલ્પ સાથે જિલ્લાના ૩૨૦૦થી વધુ નાગરિકો, વરિષ્ઠ વડીલો, યોગપ્રેમીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સામૂહિક યોગાભ્યાસ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન કોલકત્તા ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ





પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ રાજ્ય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના જિલ્લા કોર્ડિનેટર સાગર મહેતા અને તેમની ટીમે પ્રોટોકોલ મુજબ આસનો, પ્રાણાયામ અને ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, ડીડીઓ કે.જે. જાડેજા અને એસપી સંજય ખરાત સહિતના અધિકારીઓએ પણ યોગાભ્યાસ કર્યો હતો. બીજી તરફ, જિલ્લાના વિવિધ તાલુકાઓ અને નગરપાલિકા કક્ષાએ પણ ઉત્સાહભેર કાર્યક્રમો યોજાયા હતા. લાઠી ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. વધતી ઉંમરે શરીર અને મનને તંદુરસ્ત રાખવા માટે યોગના મહત્વને સમજાવતી આ વર્ષની થીમ અંતર્ગત વરિષ્ઠ નાગરિકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સ્થાનિક મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને ચીફ ઓફિસર્સની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમોમાં સૌ નાગરિકોએ યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવી સ્વસ્થ અને સક્રિય જીવન જીવવાનો દઢ સંકલ્પ લીધો હતો.

# અગીયાર હજારથી વધુ વૃક્ષ ઉછેરનાર પર્યાવરણપ્રેમી મોહનભાઈ ઠુંમરનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના રાયડી ગામના પ્રગતિશીલ ખેડૂત મોહનભાઈ ભાદાભાઈ ઠુંમર વર્ષ ૧૯૮૯થી નિઃસ્વાર્થ ભાવે દેશી કુળના વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરી રહ્યા છે. મોહનભાઈએ અત્યાર સુધીમાં કોઈપણ આર્થિક અપેક્ષા વિના વડ, પીપળા અને ઉમરા જેવા પવિત્ર અને ઘટાદાર ૧૧,૦૦૦




જેટલા વૃક્ષો વાવીને તેને મોટા કર્યા છે. કાળઝાળ ઉનાળામાં પણ તેઓ પોતાના બળદગાડામાં પાણીના બેરલ ભરીને આ વૃક્ષોને જાતે પાણી પાતા હતા. ચાર વર્ષ પહેલાં હિરેનભાઈ હિરપરાએ 'સંજોગ ન્યૂઝ'ની લોકપ્રિય કોલમ 'ઝાકળના બિંદુ' દ્વારા તેમની આ અનોખી સેવાની સરાહના કરી વાચકો સુધી પહોંચાડવામાં આવી હતી.જેની નોંધ લઈ તેમની આ અવિરત અને પ્રશંસનીય પર્યાવરણ સેવા બદલ તાજેતરમાં ABP અસ્મિતાના માધ્યમથી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને એન્કર રોનકભાઈ પટેલ દ્વારા મહાનુભાવોની ઉપસ્થિતિમાં તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યુ હતું.

# અમરેલી તાલુકાના પીઠવાજાળમાં રક્તપિત્ત દર્દી શોધ અભિયાન અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૧

અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામે આરોગ્ય વિભાગ દ્વારા 'રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ' અંતર્ગત રક્તપિત્ત દર્દી શોધ અભિયાન અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રશ્મિકાંત જોશી, ડી.એમ.ઓ. ડૉ. એ.કે. સિંગ અને ડી.ટી.ઓ.ડૉ. કુરેશીના માર્ગદર્શન હેઠળ વાંકિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના પીઠવાજાળ



આયુષ્માન આરોગ્ય કેન્દ્ર ખાતે સઘન સર્વેલન્સ હાથ ધરાયું હતું.કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોને રક્તપિત્તના લક્ષણો, જેમ કે ચામડી પર સંવેદના વગરના ડાઘા અને હાથ-પગમાં સુનકાર વિશે માર્ગદર્શન અપાયું હતું. આ ઝુંબેશને સફળ બનાવવા ડૉ. જાટ, ડૉ. સતાણી, મેડિકલ ઓફિસર ડૉ. મિહિર મહેતા, ડૉ. કિરણબેન તેમજ સીએચઓ જીનલબેન પ્રજાપતિ, એફ.એચ.ડબલ્યુ. ગીતાબેન,આશા ભગવતીબેન મકવાણા અને યોગેશ મકવાણા દ્વારા જહેમત ઉઠાવેલ હતી.આ રક્તપિત અને જનજાગૃતિ અને તપાસની કામગીરીમાં ભાવેશભાઈ દેસાઈ, રાજ્યગુરુભાઈ અને બુહાભાઈ તાલુકા સુપવાઈઝર જોષીભાઈનો પણ સહયોગ મળેલ હતો.

# ભુરાભાઈ પુંજાભાઈ પરસાણા ફાઉન્ડેશન દ્વારા ટીંબીની હોસ્પિટલને રૂ.૫ લાખનું અનુદાન અપાયું

રાજકોટ,તા.૨૧

ભુરાભાઈ પુંજાભાઈ પરસાણા ફાઉન્ડેશન - રાજકોટ દ્વારા ટીંબી સ્થિત સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલને રૂ.૫,૦૦,૦૦૦/-નું ઉદાર અનુદાન આપવામાં આવ્યું છે. રાજકોટ ખાતે પ્રશાંત કાસ્ટેક પ્રા.લિ.ની કોર્પોરેટ ઓફિસમાં આયોજિત એક કાર્યક્રમમાં આ ચેક અર્પણ કરાયો




હતો.ટ્રસ્ટના વડીલ શંભુભાઈ પરસાણા, પરિવારના સભ્યો ગોવિંદભાઈ અને પ્રશાંતભાઈ તથા ડૉ. મનોજ મહેતાની ઉપસ્થિતિમાં ભરતભાઈ પરસાણાના હસ્તે હોસ્પિટલના ટ્રસ્ટી બી. એલ. રાજપરાને આ ચેક એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ફાઉન્ડેશન દ્વારા હોસ્પિટલને ભવિષ્યમાં પણ કાયમી મદદરૂપ થવાની સુંદર ભાવના વ્યક્ત કરવામાં આવી હતી. આ ઉમદા સહયોગ બદલ હોસ્પિટલના ટ્રસ્ટીમંડળે પરસાણા ફાઉન્ડેશન પરિવારનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.

# ઊનાના નવાબંદરમાં ફાયર NOC વિના ધમધમતી પ્રા.શાળાને બંધ કરવાના હુકમ છતાં શૈક્ષણિક કાર્ય ચાલુ

ઊના,તા.૨૧

ઊના તાલુકાના નવાબંદર ગામે આવેલી ખાનગી નારાયણ પ્રાથમિક શાળા જરૂરી સુવિધાઓ અને ફાયર NOC વિના ધમધમી રહી છે. ૯ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા આ G+2 બિલ્ડિંગમાં પીવાનું પાણી, મેદાન, સેનિટેશન જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે અને ઓરડાની સાઈઝ પણ નિયમ કરતાં નાની છે. નિયમોના સરેઆમ



ઉલ્લંઘન બદલ ગીર સોમનાથ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ અગાઉ રૂ.૧૦,૦૦૦ અને ત્યારબાદ ૧૧ જૂન ૨૦૨૬ના રોજ રૂ.૨૫,૦૦૦નો બીજો દંડ ફટકાર્યો હતો.તંત્ર દ્વારા શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો સ્પષ્ટ આદેશ હોવા છતાં શાળા સંચાલકો દ્વારા બેફામ રીતે નવું સત્ર શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ગંભીર બેદરકારીને પગલે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ભાવનગરના ચીફ ફાયર ઓફિસરને લેખિત પત્ર પાઠવીને આશરે ૧૦૦ જેટલા માસૂમ બાળકોની સુરક્ષા કાજે આ શાળાને તાત્કાલિક સીલ મારવા કડક સૂચના આપી છે.

# ઉનાના નવાબંદરમાં લહરેશ્વર મહાદેવ મંદિરમાંથી દાનપેટીની ચોરી: ગામનો જ શખ્સ CCTVમાં કેદ

ઉના,તા.૨૧

ઉના તાલુકાના નવાબંદર ગામમાં આવેલ લહરેશ્વર મહાદેવ મંદિરમાં ગત ૧૭મી જૂનની રાત્રિના સમયે ચોરીની ઘટના સામે આવી છે. રાત્રિના અંધકારમાં ગામનો જ એક શખ્સ મંદિરના મુખ્ય દરવાજામાંથી અંદર પ્રવેશ્યો હતો અને ત્યાં રાખેલી દાનપેટીને કપડા વડે ઢાંકીને ચોરી કરી નાસી છૂટ્યો હતો. આ સમગ્ર ઘટના મંદિર પરિસરમાં લાગેલા સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગઈ હતી.સવારે સીસીટીવી ફૂટેજ તપાસતા ચોરી કરનાર શખ્સ સ્થાનિક હોવાનું ઓળખાઈ ગયું હતું. જોકે, ઘટના


તસવીર : કૈલાશ ભટ્ટ

બાદ આરોપી ગામમાંથી ફરાર થઈ ગયો હોવાથી, પૂજારીએ આ અંગે નવાબંદર પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અમરેલીમાં રૂ.૧૫.૨૬ કરોડના ખર્ચે જિલ્લા પુસ્તકાલયનું નિર્માણ શરૂ થશે

અમરેલી,તા.૨૧

અમરેલીમાં મેડિકલ કોલેજની સામે ૫૦૦૦ ચો.મી. વિસ્તારમાં રૂ.૧૫.૨૬ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ નવા સરકારી જિલ્લા પુસ્તકાલયનું બાંધકામ શરૂ થશે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના સતત પ્રયાસોથી આ પ્રોજેક્ટ માટે ૨૦ જૂન ૨૦૨૬ના રોજ વર્કઓર્ડર આપવામાં આવ્યો છે. ત્રણ માળના આ એર-કંડિશન્ડ પુસ્તકાલયમાં ડિજિટલ લેબ, કોન્ફરન્સ રૂમ, લિફ્ટ અને મહિલા, વરિષ્ઠ નાગરિકો તેમજ દિવ્યાંગો માટે વિશેષ વાંચન ખંડ હશે. અહીં ૬૪૦થી વધુ લોકોની બેઠક ક્ષમતા અને ૫૦,૦૦૦થી વધુ પુસ્તકો રાખવાની સુવિધા મળશે. મંત્રીશ્રીએ જણાવ્યું કે આ જ્ઞાનમંદિર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હજારો યુવાનોના ભવિષ્યનું ઘડતર કરશે.

# મંત્રી કૌશિક વેકરીયા અને જૂનાગઢના સાંસદ પદ્મશ્રી વિખ્યાત તબલાવાદક હાજી રમકડુની મુલાકાતે

જૂનાગઢ,તા.૨૧

મંત્રી કૌશિક વેકરીયા અને જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમાએ આજે જુનાગઢમાં જનસંપર્ક અભિયાન અંતર્ગત પદ્મશ્રી વિખ્યાત તબલાવાદક હાજીભાઈ કાસમભાઈ મીરની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ભારતીય શાસ્ત્રીય સંગીત, કલા અને સંસ્કૃતિના સંવર્ધન માટે તેમના અમૂલ્ય યોગદાન અંગે ચર્ચા



કરવામાં આવી. સંગીત અને સંસ્કૃતિ સમાજને જોડવાનું કાર્ય કરે છે, જ્યારે આવા કલાકારો આપણી સમૃધ્ધ સાંસ્કૃતિક પરંપરાના સાચા વાહક બને છે. તેમના અનુભવો અને માર્ગદર્શનથી ભારતીય કલા જગતને સતત નવી ઊર્જા અને દિશા મળી રહી છે, તેમ તેમણે જણાવ્યું હતું.


**જી.અમરેલી, તા.લાઠીના મોજે ગામ દુધાળા લાઠીનાં ખેડ ખાતા નં.૪૧૬નાં રે.સ.નં. ૬૮/૧ પૈકી ૨ વાળી ખેતીની જમીનના વેચાણ બાબતની જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા અને હિત ધરાવનારાઓ તમામ ને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ અમરેલી, તા. લાઠી, મોજે ગામ દુધાળા લાઠીના ખેડ ખાતા નં. ૪૧૬ નાં રે.સ.નં. ૬૮/૧ પૈકી ૨ નાં કુલ હે.આરે.૦-૯૪-૦૯ ચો.મી. જેનો આકાર રૂા.૬-૯૮ પૈસા વાળી જુની શરતની ખેતીલાયક જમીન કુંડાળીયા વજુભાઈ વલ્લભભાઈની સ્વતંત્ર માલીકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી અને તમામ પ્રકારના હક્ક અને અધિકારો હોવાનું જણાવતા ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીન અમારા અસીલ એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે. ટુંક સમયમાં અમારા અસીલ સદરહું મિલ્કતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી સદરહું મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેના સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક તરીકે સદરહું મીલ્કત ખેતી લાયક જમીન સબંધે, ટાઈટલ સબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સબંધે કોઈ વ્યકિત કે પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે સંસ્થા કે એસાઈનીઓ, વારસદારો, સરકારી-અર્ધ સરકારી કચેરી, શ્રોફ, ટ્રસ્ટ વિગેરે કોઈપણનો કોઈપણ જાતનો લાગ-ભાગ, દર-દાવો કે હકક, હિત હિસ્સો, ભરણપોષણનો હકક, વારસાઈ હક્ક હોય તો તેમણે આ નોટસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦(દસ) માં અમારી ઓફીસે લેખીતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન જો કોઈ વાંધા તકરાર નહી આવે તો કોઈનો આ જમીનમાં કોઈપણ જાતનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (Waive) કરેલ છે તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. તેમજ ત્યાર બાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરારો અમારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદકર્તા તરીકે બંધનકર્તા રહેશે નહિ. તેમજ સદરહું મિલ્કતનો (ખેડવાણ ખેતીની જમીનનો) વેચાણ દસ્તાવેજ કરાવી લેશે જેની સર્વે લાગતા– વળગતાઓએ સ્પષ્ટ પણે નોંધ લેવી.

સ્થળ: લાઠી
તારીખ: ૨૨/૦૬/૨૦૨૬

ઓફીસ:–શ્રી વર્ધમાન ચેમ્બર્સ, મેઈન બઝાર,
જુની શાકમાર્કેટ સામે, ભોળીયા હનુમાનજી
મંદિરની બાજુમાં, મુ.લાઠી, તા. લાઠી,
જી. અમરેલી–૩૬૫૪૩૦

**અમારા અસીલની ફરમાઈશ અને સુચનાથી**
**અમારી મારફત**
**ચંદ્રેશ પી.તુરખીયા**
**(તે ખરીદનારના એડવોકેટ)**


# ગીરગઢડાના દ્રોણ ગામે શાળા પરિસરમાંથી દીપડો પાંજરે પુરાયો

ઉના,તા.૨૧

ગીરગઢડા તાલુકાના દ્રોણ ગામે આવેલી પ્રાથમિક શાળાના પરિસરમાં દીપડાના પગના નિશાન મળી આવતા ગ્રામજનો અને બાળકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ અંગે ગામના સરપંચ અને શાળાના શિક્ષકોએ તુરંત વન વિભાગને લેખિત જાણ કરી હતી. બાળકોની સુરક્ષાને ધ્યાને રાખી વન વિભાગ તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું.ફોરેસ્ટ અધિકારી જે.સી. બાંભણિયાના માર્ગદર્શન હેઠળ વન વિભાગની ટીમે દ્રોણ ગામે પહોંચી સ્થળ તપાસ કરી હતી. દીપડાની હાજરીની ખાતરી થતાં જ ખાસ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું હતું. ભારે જહેમત બાદ દીપડાને સફળતાપૂર્વક પાંજરે પૂરી સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યો હતો. વન વિભાગની આ ત્વરિત કાર્યવાહીથી મોટી દુર્ઘટના ટળતાં સરપંચ અને ગ્રામજનોએ તંત્રનો આભાર માન્યો હતો અને જંગલી પ્રાણી દેખાય તો તુરંત વિભાગને જાણ કરવા અપીલ કરી હતી.


**જી.અમરેલી, તા.લાઠીના મોજે ગામ દુધાળા લાઠીનાં ખેડ ખાતા નં. ૪૧૫નાં રે.સ.નં. ૬૮ / ૧ પૈકી ૧ વાળી ખેતીની જમીનના વેચાણ બાબતની જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા અને હિત ધરાવનારાઓ તમામ ને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ અમરેલી, તા. લાઠી, મોજે ગામ દુધાળા લાઠીના ખેડ ખાતા નં. ૪૧૫નાં રે.સ.નં. ૬૮/૧ પૈકી ૧ નાં કુલ હે.આરે.૦-૯૪-૦૯ ચો.મી. જેનો આકાર રૂા.૬-૯૮ પૈસા વાળી જુની શરતની ખેતીલાયક જમીન કુંડાળીયા હરેશભાઈ વલ્લભભાઈની સ્વતંત્ર માલીકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી અને તમામ પ્રકારના હક્ક અને અધિકારો હોવાનું જણાવતા ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીન અમારા અસીલ એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે. ટુંક સમયમાં અમારા અસીલ સદરહું મીલ્કતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી સદરહું મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેના સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક તરીકે સદરહું મીલ્કત ખેતી લાયક જમીન સબંધે, ટાઈટલ સબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સબંધે કોઈ વ્યકિત કે પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે સંસ્થા કે એસાઈનીઓ, વારસદારો, સરકારી-અર્ધ સરકારી કચેરી, શ્રોફ, ટ્રસ્ટ વિગેરે કોઈપણનો કોઈપણ જાતનો લાગ-ભાગ, દર-દાવો કે હકક, હિત હિસ્સો, ભરણપોષણનો હકક, વારસાઈ હક્ક હોય તો તેમણે આ નોટસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦(દસ) માં અમારી ઓફીસે લેખીતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન જો કોઈ વાંધા તકરાર નહી આવે તો કોઈનો આ જમીનમાં કોઈપણ જાતનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો(Waive) કરેલ છે તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. તેમજ ત્યાર બાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરારો અમારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદકર્તા તરીકે બંધનકર્તા રહેશે નહિ. તેમજ સદરહું મિલ્કતનો (ખેડવાણ ખેતીની જમીનનો) વેચાણ દસ્તાવેજ કરાવી લેશે જેની સર્વે લાગતા-વળગતાઓએ સ્પષ્ટ પણે નોંધ લેવી.

સ્થળ: લાઠી
તારીખ: ૨૨/૦૬/૨૦૨૬

ઓફીસ:–શ્રી વર્ધમાન ચેમ્બર્સ, મેઈન બઝાર,
જુની શાકમાર્કેટ સામે, ભોળીયા હનુમાનજી
મંદિરની બાજુમાં, મુ.લાઠી, તા. લાઠી,
જી. અમરેલી–૩૬૫૪૩૦

**અમારા અસીલની ફરમાઈશ અને સુચનાથી**
**અમારી મારફત**
**ચંદ્રેશ પી.તુરખીયા**
**(તે ખરીદનારના એડવોકેટ)**

# અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓના હૂમલાથી લોકો ત્રાહિમામ

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી વન્ય પ્રાણીઓના હુમલાથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે અને જિલ્લામાંથી હિજરત કરવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. વન્ય પ્રાણીઓના વારંવાર થતાં હુમલા અંગે વન વિભાગની નિષ્ક્રિયતા સામે પણ લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. એક જ અઠવાડિયામાં સિંહના હુમલામાં ત્રણ લોકોના મોત થયાના સમાચારની શાહી સુકાણી નથી ત્યાં જ ફરી એક વખત બગસરામાં દીપડાએ બાળક પર હુમલો કર્યો છે. વન્ય પ્રાણીના હુમલાને કારણે લોકોને ઘેરથી બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે.

## બગસરામાં મધરાતે ઘર આંગણે સૂતેલા ૧૦ વર્ષના માસુમ બાળક પર દીપડાનો હુમલો


બગસરા, તા.૨૧



અમરેલી જિલ્લાના બગસરાના હુડકો વિસ્તારમાં મધરાતે એક હૃદય કંપાવનારી ઘટના સામે આવી છે. અહીં રહેતા વિકુભાઈ વાઘેલાનો ૧૦ વર્ષનો માસુમ પુત્ર કુમાર રાત્રે આશરે ૧:૦૦ વાગ્યે પરિવાર સાથે ઘરના આંગણામાં સૂતો હતો. તે દરમિયાન શિકારની શોધમાં આવેલો એક દીપડો ખાટલા પર સૂતેલા આ માસુમ બાળકને માથાના ભાગેથી પોતાના જડબામાં દબોચીને ખેંચવા લાગ્યો હતો. બાળકની ચીસો સાંભળી પિતા અને આસપાસના લોકો તાત્કાલિક જાગી ગયા હતા. લોકોએ હિંમત ભેગી કરી હોબાળો મચાવતા અને રાડારાડી કરતા ગભરાયેલો દીપડો બાળકને લોહીલુહાણ હાલતમાં છોડીને નાસી છૂટ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાળકને પ્રથમ બગસરા અને ત્યારબાદ વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ વનવિભાગનો કાફલો દોડી આવ્યો હતો અને દીપડાના પગના નિશાન મેળવી તેને વહેલી તકે પાંજરે પૂરવા તજવીજ હાથ ધરી છે.

## બાબરકોટમાં વાહનચાલકોને ટાર્ગેટ કરતા સિંહનું શંકાસ્પદ મોત

જાફરાબાદ, તા.૨૧



અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં બાબરકોટ રોડ પર વનવિભાગની કચેરી નજીક એક સિંહે અચાનક આતંક મચાવ્યો હતો. વિનુભાઈ બારૈયા નામના બાઈક ચાલક પસાર થઈ રહ્યા હતા, ત્યારે સિંહે તેમના પર હુમલો કરવા તરાપ મારી હતી જેમા ચાલકને સામાન્ય ઈન્જા થઈ હતી. ત્યારબાદ સિંહે એક રીક્ષા પાછળ દોડી હુમલાનો પ્રયાસ કરતાં રીક્ષા પલટી ખાઈ ગઈ હતી, જોકે સદનસીબે તેમાં કોઈને ઈજા થઈ ન હતી.ઘટનાની જાણ થતાં જ જાફરાબાદ રેન્જનો વનવિભાગ અને ડોક્ટર ટીમે સિંહને પાંજરે પૂરવાની તૈયારી કરી રહી હતી, તે જ સમયે વનકર્મીઓની નજર સામે જ સિંહને બે થી ત્રણ વખત આંચકી આવી હતી અને તેનું શંકાસ્પદ મોત નીપજ્યું હતું.વનવિભાગના અધિકારીઓએ સિંહના આ અસામાન્ય વર્તનને જોઈને તેને હડકવા (રેબીઝ) હોવાની આશંકા વ્યક્ત કરી છે. મૃતક સિંહના મૃતદેહને બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો છે, જ્યાં ડોક્ટરોની ટીમ દ્વારા તેના સેમ્પલ લઈને મોતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે.

## મહેસાણા સિવિલના નકલી સિક્કા-સહીથી બોગસ મેડિકલ સર્ટિફિકેટ કૌભાંડનો પર્દાફાશ

મહેસાણા, તા.૨૧

મહેસાણા જનરલ સિવિલ હોસ્પિટલના નામે સરકારી નોકરી મેળવવા માટે બોગસ મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ બનાવવાનું મોટું કૌભાંડ ઝડપાતાં ચકચાર મચી ગઈ છે. તાજેતરમાં એક વ્યક્તિ ચાર ઉમેદવારોના દસ્તાવેજો પર કાઉન્ટર સહી કરાવવા હોસ્પિટલ પહોંચ્યો ત્યારે સિવિલ સર્જન ડૉ. ગોપી પટેલને શંકા ગઈ હતી. ઊંડાણપૂર્વકની તપાસમાં ચોથા ઉમેદવારના દસ્તાવેજો નકલી હોવાનું અને તબીબોના નામના ત્રણ બોગસ સિક્કા મળી આવ્યા હતા. સરકારી નોકરી મેળવવાના હેતુથી ડૉક્ટરોની નકલી સહી અને સિક્કાનો ઉપયોગ કરીને આ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની આશંકા છે. મામલાની ગંભીરતા જોઈને જવાબદાર વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. હાલ પોલીસ અને આરોગ્ય વિભાગ આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા અને અન્ય સંડોવાયેલા લોકોને પકડવા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## બગસરામાં હડકાયા કૂતરાનો આતંક: બાળકો સહિત ૧૦ લોકોને બચકાં ભર્યા, લોકોમાં ફફડાટ

બગસરા, તા.૨૧



બગસરા શહેરના જીનપરા અને કુકાવાવ નાકા વિસ્તારમાં છેલ્લા બે દિવસથી એક હડકાયા કૂતરાએ ભારે આતંક મચાવ્યો છે. આ પાગલ કૂતરાએ અત્યાર સુધીમાં સાત માસૂમ બાળકો, બે પુરુષો અને એક મહિલા સહિત કુલ ૧૦ લોકોને બચકાં ભરીને ઈજાગ્રસ્ત કર્યા છે. આ ગંભીર ઘટનાને પગલે સમગ્ર પંથકના રહીશોમાં ભારે ભય અને ફફડાટનો માહોલ ફેલાયો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું હતું અને તમામ ૧૦ ઈજાગ્રસ્તોને તાત્કાલિક હડકવા વિરોધી રસી સહિતની સઘન સારવાર પૂરી પાડી હતી. સમયસર તબીબી સહાય મળતા મોટી જાનહાની ટળી છે, પરંતુ હડકાયું કૂતરું હજુ પણ ખુલ્લેઆમ રખડતું હોવાથી લોકો ઘરની બહાર નીકળતા ડરી રહ્યા છે. સ્થાનિક રહીશોએ તંત્ર સમક્ષ ઉગ્ર રજૂઆત કરીને આ કૂતરાને સત્વરે પાંજરે પૂરવા માંગ કરી છે.

## રાજ્યમાં વિવાદો વચ્ચે NEET-UGની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

અમદાવાદ,તા.૨૧

પેપર લીકની ઘટના બાદ રદ કરાયેલી NEET-UGની પરીક્ષા આજે ફરી યોજાઈ હતી. ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા સહિતના શહેરોમાં ફાળવાયેલા ૨૧૧ પરીક્ષા કેન્દ્રો પર ૭૯,૪૧૧ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે બપોરે ૨ થી સાંજે ૫:૩૦ વાગ્યા સુધી ચાલેલી આ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. શિક્ષણ નિષ્ણાતોના મતે આ વખતે કટઓફ ૫૨૦ માર્ક્સ આસપાસ રહી શકે છે.પરીક્ષા દરમિયાન કેટલીક જગ્યાએ વિવાદો અને દોડધામના દ્રશ્યો જોવા મળ્યા હતા. અમદાવાદની આર. જે. ટીબરેવાલ કોલેજમાં એક વિદ્યાર્થીનીને હિજાબ સાથે પ્રવેશ આપવા મુદ્દે વાલીઓએ ઉગ્ર વિરોધ કર્યો હતો. વાલીઓનો આક્ષેપ હતો કે નિયમોના નામે અગાઉ હિન્દુ બાળકોના હાથના દોરા અને ગળાની કંઠી કઢાવવામાં આવી હતી.

## ગોધરા-શહેરા હાઈવે પર કાર પલટી જતાં સાળા-બનેવીનાં મોત, બે ગંભીર

ગોધરા,તા.૨૧



પંચમહાલ જિલ્લાના ગોધરા નજીક જૂના મોર ડુંગરા વિસ્તારમાં રવિવારે વહેલી સવારે એક અલ્ટો કાર પલટી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. શહેરા તાલુકાના ધાંધલપુર અને છાયન ગામના ચાર મિત્રો ગોધરાથી પોતાનું કામ પતાવીને કાર દ્વારા પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર અનિયંત્રિત થઈને રોડ પર પલટી ખાઈ ગઈ હતી. આ કરુણ દુર્ઘટનામાં કારમાં સવાર કિરણ દિનેશ પટેલ અને મહેશ ખાંટ નામના સાળા-બનેવીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે મિત્રો, હિતેન્દ્ર પટેલ અને મહેશ નામના યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલીને અકસ્માત અંગે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## યોગને માત્ર એક દિવસનો કાર્યક્રમ નહીં, પણ જીવનશૈલી બનાવો: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર,તા.૨૧



ગાંધીનગરના માણસા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૨મા વિશ્વ યોગ દિવસની રાજ્ય કક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ નાગરિકોને આહ્વાન કર્યું હતું કે, યોગ માત્ર એક દિવસ પૂરતો સીમિત ન રહેતાં આપણી રોજિંદી જીવનશૈલીનો ભાગ બનવો જોઈએ. રાજ્યભરમાં આશરે સવા કરોડથી વધુ લોકોએ ઉત્સાહભેર આ ઉજવણીમાં જોડાઈને સામૂહિક યોગાભ્યાસ કર્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભગીરથ પ્રયાસોથી ભારતીય યોગ સંસ્કૃતિને વૈશ્વિક સ્વીકૃતિ મળી છે. આજના તણાવપૂર્ણ જીવનમાં બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવા રોગો સામે યોગ એ સૌથી સરળ અને સચોટ માર્ગ છે. તેમણે ગુજરાત યોગ બોર્ડની પ્રશંસા કરતાં કહ્યું કે બોર્ડે ૧.૫ લાખ યોગ ટ્રેનર્સ તૈયાર કર્યા છે અને '૧૫ મિનિટ યોગ સિટી'જેવા નવતર અભિગમ અપનાવ્યા છે. અંતમાં, તેમણે રાષ્ટ્ર નિર્માણ અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા યોગને જીવનનો હિસ્સો બનાવવા અપીલ કરી હતી.

## નર્મદામાં ભાજપ-કોંગ્રેસના અનેક આગેવાનો ચૈતર વસાવાની હાજરીમાં આપમાં જોડાયા

નર્મદા,તા.૨૧



નર્મદા જિલ્લાના તિલકવાડાના ઉતાવળી ગામે આમ આદમી પાર્ટી દ્વારા વિશાળ સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં ડેડીયાપાડાના 'આપ' ધારાસભ્ય ચૈતર વસાવાની હાજરીમાં ભાજપ અને કોંગ્રેસના અનેક મજબૂત સંગઠનાત્મક આગેવાનો પોતાના સમર્થકો સાથે વિધિવત રીતે 'આપ'માં જોડાયા હતા. કોંગ્રેસમાંથી ઓબીસી જિલ્લા પ્રમુખ મહેન્દ્ર બારીયા, તાલુકા સદસ્ય હિરેન પરમાર અને ભાજપમાંથી બક્ષીપંચ મોરચાના તાલુકા ઉપપ્રમુખ ગણપત બારીયા સહિતના નેતાઓ પક્ષ છોડી સામેલ થતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ પ્રસંગે ચૈતર વસાવાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું કે, ભાજપ શાસનમાં ખેડૂતોને પાકના પૂરતા ભાવ મળતા નથી અને વારંવાર પેપર લીક થવાથી લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમાં ધકેલાયું છે. તેમણે ઉમેર્યું કે, 'આપ' મંદિર-મસ્જિદની નહીં પરંતુ જનતાના બદલાવની રાજનીતિ કરે છે.

## થરાદના સેદલા ગામના વૃધ્ધે હરિદ્વારમાં ગંગા નદીમાં 'જળસમાધિ' લીધી

પાલનપુર,તા.૨૧

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના સેદલા ગામમાંથી એક આશ્ચર્યજનક ઘટના સામે આવી છે. ગામના ૭૫ વર્ષીય વૃધ્ધ જેઠાજી રૂપાજી રાજપૂતે પવિત્ર નગરી હરિદ્વાર ખાતે ગંગા નદીમાં જીવિત જળસમાધિ લીધી હોવાનો દાવો કરાયો છે. છેલ્લા ૨૦ વર્ષથી હરિદ્વાર જતા જેઠાજી છેલ્લા બે વર્ષથી જળસમાધિ લેવાની તીવ્ર ઈચ્છા વ્યક્ત કરતા હતા. આખરે પરિવારની સહમતીથી ગત ૧૬ જૂને તેઓ હરિદ્વાર ગયા હતા અને ૧૮ જૂને જળસમાધિ લીધી હતી. પરિવારે સોશિયલ મીડિયા પર પત્રિકા જાહેર કરતાં આ ઘટના પ્રકાશમાં આવી છે. જેઠાજીની અંતિમ ઈચ્છા મુજબ પરિવારે બેસણું, બારમું કે તેરમું જેવી તમામ લૌકિક મરણોત્તર વિધિઓ બંધ રાખી છે. આ આધુનિક યુગમાં આ જીવિત જળસમાધિ સમગ્ર પંથકમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

## અમદાવાદના રિલીફ રોડ પર ધોળા દિવસે હત્યા

અમદાવાદ,તા.૨૧

અમદાવાદના ટ્રાફિકથી ધમધમતા રિલીફ રોડ પર પથ્થરકૂવા નજીક ધોળા દિવસે એક યુવકની ઘાતકી હત્યા થતાં ચકચાર મચી ગઈ છે. હાટકેશ્વર વિસ્તારમાં રહેતા જયશંકર રાજપૂત નામના યુવકને વટવાના શાકીબ સલીમ શેખ સાથે લાંબા સમયથી રૂપિયાની લેતી-દેતી બાબતે વિવાદ ચાલતો હતો.રવિવારે શાકીબે જયશંકરને વાતચીત કરવા માટે બોલાવ્યો હતો. જ્યાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં ઉશ્કેરાયેલા શાકીબે ખિસ્સામાંથી છરી કાઢી જયશંકર પર ઉપરાછાપરી ઘા મારી દીધા હતા. ગંભીર ઈજાઓના કારણે રસ્તા પર જ જયશંકરનું મોત નીપજ્યું હતું. પોલીસે ગુનો નોંધી ફરાર થઈ ગયેલા આરોપી શાકીબની અટકાયત કરી લીધી છે.











